સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

**WEEK 08**

[14/02/21 to 20/02/21]

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)







**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.**

**JOIN OUR WHATSAPP GROUP**
joinicerajkot.com

CONTACT US :
93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline


**14 FEB-2021**

- દિવસ મહિમા : 14 ફેબ્રુઆરી, માતૃ-પિતૃ પૂજન દિવસ ........ 02
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા 'વર્લ્ડ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ સમિટ 2021'નું ઉદ્દઘાટન કરવામાં આવ્યું ........ 02
- હિમાચલ પ્રદેશ સમગ્ર રીતે ઈ-કેબિનેટનો અમલ કરનાર ભારતનું પ્રથમ રાજ્ય બન્યું ........ 04
- અમેરિકા ફરીથી યુનાઈટેડ નેશન્સ હ્યુમન રાઈટ્સ કાઉન્સિલમાં સભ્ય તરીકે જોડાશે ........ 05
- QUESTION ANSWERS ........ 06

**15 FEB-2021**

- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ચેન્નાઈ ખાતે મેઈન બેટલ ટેન્ક અર્જુન MK-1A ભારતીય સેનાને સમર્પિત કરી ........ 08
- બાયોએશિયા 2021 ઈવેન્ટનું આયોજન હૈદરાબાદ ખાતે કરવામાં આવશે ........ 09
- યુ.એ.ઈ.નું મંગળ મિશન 'હોપ પ્રોબ' મંગળની ભ્રમણકક્ષામાં પ્રવેશ્યું ........ 10
- QUESTION ANSWERS ........ 12

**16 FEB-2021**

- ભારત રમકડા મેળાની વેબસાઈટ નવી દિલ્હી ખાતે લોન્ચ કરવામાં આવી ........ 14
- ભારતીય નૌસેનાની સૌથી મોટી દ્વિવાર્ષિક થિયેટર લેવલ ઓપરેશનલ રેડીનેસ એક્સરસાઈઝ (TROPEX-21) ફેબ્રુઆરીના ત્રીજા અઠવાડિયામાં પૂર્ણ થશે ........ 15
- QUESTION ANSWERS ........ 17

**17 FEB-2021**

- રાષ્ટ્રપતિશ્રીએ કેન્દ્રશાસિત પ્રદેશ પુડુચેરીના ઉપરાજ્યપાલ તરીકે સુશ્રી તમિલિસાઈ સુંદરરાજનની નિમણૂક કરી ........ 18
- 'વિજયનગર'એ કર્ણાટકનો નવો 31મો જિલ્લો બન્યો ........ 19
- TIFAC દ્વારા 'સક્ષમ' નોકરી પોર્ટલ અને 'સમુદ્રી શેવાળ મિશન' લોન્ચ કરવામાં આવ્યું ........ 21
- QUESTION ANSWERS ........ 23

**18 FEB-2021**

- 'વિજ્ઞાન જ્યોતિ પ્રોગ્રામ'ના બીજા તબક્કાની શરૂઆત કરવામાં આવી ........ 25
- SERB દ્વારા મહિલા એક્સલન્સ એવોર્ડ 2021ની જાહેરાત કરવામાં આવી ........ 26
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની તમિલનાડુ અને કેરળની મુલાકાત ........ 28
- QUESTION ANSWERS ........ 29

**19 FEB-2021**

- ગુજરાતમાં તૈયાર થયેલી 100મી K-9 વજ્ર ટેન્કને ચીફ ઓફ આર્મી સ્ટાફ દ્વારા લીલીઝંડી આપવામાં આવી ........ 30
- કેન્દ્રીય કૌશલ વિકાસ અને ઉદ્યમ મંત્રાલયે ભારતના તમામ જિલ્લાઓમાં મહાત્મા ગાંધી નેશનલ ફેલોશિપ પ્રોગ્રામનું અમલીકરણ શરૂ કર્યું ........ 31
- શ્રી થિયોડોર બાસ્કરને 'સેન્ક્ચ્યુરી લાઈફટાઈમ સર્વિસ એવોર્ડ 2020' જીત્યો ........ 32
- QUESTION ANSWERS ........ 33

**20 FEB-2021**

- દિવસ મહિમા : 20 ફેબ્રુઆરી, વિશ્વ સામાજિક ન્યાય દિવસ (World Day of Social Justice) ........ 34
- નાસાના પર્સેવરન્સ રોવરનું મંગળ પર સફળતાપૂર્વક ઉતરાણ ........ 34
- કેન્દ્ર સરકારે એક નવી મેસેજિંગ એપ 'સંદેશ' લોન્ચ કરી ........ 35
- QUESTION ANSWERS ........ 37

**ONE LINER** ........ 38

**QUESTION OF THIS WEEK** ........ 46



INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 14 ફેબ્રુઆરી, માતૃ-પિતૃ પૂજન દિવસ

ભારતમાં દર વર્ષે 14 ફેબ્રુઆરીના રોજ 'વેલેન્ટાઈન્સ ડે'ના વિકલ્પ તરીકે 'માતૃ-પિતૃ પૂજન દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસે ગુજરાત સહિત ભારતના કેટલાક રાજ્યોની સ્કૂલોમાં સ્કૂલના બાળકો દ્વારા તેમના માતા–પિતાની પૂજા કરવામાં આવે છે.
- ભારતમાં આ દિવસની ઉજવણીનો પ્રારંભ વર્ષ 2007થી થયો હતો.

**ICE FACTS :**

(1) વિશ્વના અનેક દેશોમાં દર વર્ષે 14 ફેબ્રુઆરીના રોજ 'વેલેન્ટાઈન્સ ડે'ની ઉજવણી કરવામાં આવે છે.

(2) સંત વેલેન્ટાઈન્સની યાદમાં ઉજવાતા આ દિવસને 'વેલેન્ટાઈન્સ ડે' તરીકે પણ ઓળખવામાં આવે છે.

(3) સંત વેલેન્ટાઈનનો જન્મ તત્કાલિન રોમન સામ્રાજ્ય (વર્તમાનના ઈટાલી)માં થયો હતો.

## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા 'વર્લ્ડ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ સમિટ 2021'નું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું

તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 10 ફેબ્રુઆરી, 2021ના રોજ વીડિયો કોન્ફરન્સિંગની મદદથી 'વર્લ્ડ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ સમિટ 2021'નું ઉદ્‌ઘાટન કર્યું હતું.




- 10થી 12 ફેબ્રુઆરી, 2021 દરમિયાન યોજાયેલ આ સમિટ વર્લ્ડ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ સમિટ (WSDS)નું 20મું સંસ્કરણ હતું.
- કેન્દ્રીય નવા અને નવીનીકરણીય ઊર્જા મંત્રાલય, વન અને હવામાન પરિવર્તન મંત્રાલય અને પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય આ સમિટના મુખ્ય ભાગીદારો હતા.

## વર્લ્ડ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ સમિટ 2021ની થીમ

વર્લ્ડ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ સમિટ 2021નું આયોજન **'Redifining our common Future : Safe and secure Environment for All'ની થીમ** અંતર્ગત કરવામાં આવ્યું હતું.

## વર્લ્ડ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ સમિટ (WSDS) વિશે

વર્લ્ડ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ સમિટ (WSDS)નું આયોજન **ધ એનર્જી એન્ડ રિસોર્સિઝ ઈન્સ્ટિટ્યૂટ (TERI)** દ્વારા કરવામાં આવે છે.

- તે અગાઉ **'દિલ્હી સસ્ટેનેબલ ડેવલપમેન્ટ સમિટ'** તરીકે ઓળખાતી હતી.
- આ સમિટનો હેતુ આબોહવા પરિવર્તન સામે લડવા માટે સરકાર, વેપારીઓ, આબોહવા વૈજ્ઞાનિકો, નાગરિક સમાજ અને યુવાનોને એક સાથે લાવવાનો છે.
- વૈશ્વિક સમુદાયને લાભ થાય તે માટે પર્યાવરણના લાંબા ગાળાના ઉકેલો પૂરા પાડવાના ઉદ્દેશથી આ સમિટનું આયોજન કરવામાં આવે છે.
- આ સમિટનું આયોજન સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ (SDG) અને પેરિસ કરારને અપનાવવા માટેના ઉદ્દેશથી કરવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## આ સમિટ દરમિયાન ભારતનું વલણ

આ સમિટ દરમિયાન ભારતે **Climate Justice (આબોહવા ન્યાય)** પર ભાર મૂકયો હતો.

- કલાઈમેટ જસ્ટિસ એ આબોહવા પરિવર્તન સામેની ચળવળ છે જે જલવાયુ પરિવર્તનના કારણે સામાજિક, આર્થિક, સાર્વજનિક સ્વાસ્થ્ય અને વસતી પર તેના પ્રભાવોને પ્રદર્શિત કરે છે.
- ભારતના મંતવ્ય મુજબ **'આબોહવા ન્યાય'** એ **'વિઝન ઓફ ટ્રસ્ટી શિપ'**થી પ્રેરિત છે.

## સસ્ટેનેબલ ડેવલપમેન્ટ તરફ ભારતના પ્રયત્નો

**માર્ચ, 2019**માં ભારતે **ટકાઉ તકનીકો** અને **નવીન મોડેલો** દ્વારા **લગભગ 100% વીજળીકરણ** પ્રાપ્ત કર્યું છે.

- ઉજાલા પ્રોગ્રામ દ્વારા લગભગ 367 મિલિયન LED બલ્બનું વિતરણ કરવામાં આવ્યું છે જે દર વર્ષે 38 મિલિયન ટન કાર્બન ડાયોકસાઈડનું ઉત્સર્જન ઘટાડે છે.

- પીએમ ઉજ્જવલા યોજનાના માધ્યમથી ગરીબી રેખા નીચે જીવતા 80 મિલિયનથી વધુ ઘરોમાં સ્વચ્છ રાંધણ બળતણનો વપરાશ વધ્યો છે જેના અંતર્ગત ઘરોને LPG ગેસ કનેક્શન ઉપલબ્ધ કરાવવામાં આવે છે.
- ભારત તેની ઊર્જા વપરાશની બાસ્કેટમાં કુદરતી વાયુનો હિસ્સો 6% વધારીને 15% કરવા માટે કામ કરી રહ્યું છે.

### સસ્ટેનેબલ ડેવલપમેન્ટ (ટકાઉ વિકાસ)

ભવિષ્યની પેઢીની જરૂરિયાતોને અસર કર્યા વગર વર્તમાનની જરૂરિયાતોને પૂરી કરવા દરમિયાન થતા વિકાસને 'સસ્ટેનેબલ ડેવલપમેન્ટ' કહે છે.

- સસ્ટેનેબલ ડેવલપમેન્ટની આ સૌથી  સ્વીકૃત વ્યાખ્યા 'બ્રુન્ડલેન્ડ કમિશને' તેના રિપોર્ટ 'Our Common Future (1987)'માં દર્શાવી હતી.

### The energy ad Resources Institute (TERI) વિશે

ધ એન્ર્જી એન્ડ રિસોર્સિઝ ઈન્સ્ટિટયૂટ (TERI) એ નવી દિલ્હીની એક સંશોધન સંસ્થા છે જે ઊર્જા, પર્યાવરણ અને ટકાઉ વિકાસના ક્ષેત્રોમાં નિષ્ણાંત છે.

- વર્ષ 1974માં સ્થાપિત આ સંસ્થા અગાઉ ટાટા એનર્જી રિસર્ચ ઈન્સ્ટિટયૂટ તરીકે જાણીતી હતી.
- આ સંસ્થાના સ્થાપક શ્રી દરબારી એસ. શેઠ હતા.
- વર્ષ 2003માં આ સંસ્થાનું નામ 'ધ એનર્જી એન્ડ રિસોર્સિસ ઈન્સ્ટિટયૂટ' રાખવામાં આવ્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## હિમાચલ પ્રદેશ સમગ્ર રીતે ઈ-કેબિનેટનો અમલ કરનાર ભારતનું પ્રથમ રાજ્ય બન્યું

હિમાચલપ્રદેશ સમગ્ર રીતે ઈ-કેબિનેટનો અમલ કરનાર ભારતનું પ્રથમ રાજ્ય બન્યું છે. જેનું ઉદ્દઘાટન હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી શ્રી જયરામ ઠાકુરના હસ્તે કરવામાં આવ્યું હતું.

- હિમાચલ પ્રદેશ રાજ્યની સમગ્ર મંત્રીમંડળની નિર્ણય પ્રક્રિયાને પેપરલેસ બનાવવામાં આવી છે.
- કેબિનેટની શરૂઆતથી લઈને મુખ્યમંત્રીશ્રીની મંજૂરી સુધીની તમામ પ્રક્રિયાને ઓનલાઈન કરી દેવામાં આવી છે.

- ઈ–કેબિનેટ સિસ્ટમમાં વિવિધ સુવિધાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં કેબિનેટ બેઠકની સૂચનાઓ, કેબિનેટની કાર્યવાહી અને નિર્ણયોની નોંધણી, કેબિનેટના નિર્ણયોની સ્થિતિ દર્શાવવી વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- તે કેબિનેટના નિર્ણય લેવાની પ્રક્રિયામાં દરેક પગલે SMS આપી માહિતગાર પણ કરશે.
- ઈ–કેબિનેટ માટેની આઈ.ટી. એપ્લિકેશનનો વિકાસ **ઈન્ફર્મેશન ટેકનોલોજી વિભાગ** દ્વારા કરવામાં આવ્યો છે.
- તે **સમગ્ર દેશમાં તેના પ્રકારની પ્રથમ એપ્લિકેશન** છે.
- તે કેબિનેટ બેઠક યોજવા માટેનો સમય ઘટાડશે તથા નિર્ણય પ્રક્રિયાને ઝડપી બનાવશે.

**ICE FACT :**

(1) ઈ–કેબિનેટ સોલ્યુશનનો અમલ કરનાર અરૂણાચલ પ્રદેશ ઉત્તરપૂર્વનું પ્રથમ રાજ્ય છે.

## અમેરિકા ફરીથી યુનાઈટેડ નેશન્સ હ્યુમન રાઈટ્સ કાઉન્સિલમાં સભ્ય તરીકે જોડાશે

તાજેતરમાં અમેરિકન સરકારે યુનાઈટેડ નેશન્સ હ્યુમન રાઈટ્સ કાઉન્સિલમાં ફરીથી જોડાવાની જાહેરાત કરી છે.

- અમેરિકાએ **વર્ષ 2018માં યુનાઈટેડ નેશન્સ હ્યુમન રાઈટ્સ કાઉન્સિલનું સભ્યપદ છોડયુ** હતું.
- **સંયુકત રાષ્ટ્રના સેક્રેટરી જનરલ શ્રી એન્ટોનિયો ગુટ્રેસે** અમેરિકાના આ નિર્ણયને આવકાર્યો છે.
- અમેરિકા હવે સંયુકત રાષ્ટ્રની માનવાધિકાર પરિષદમાં **નિરીક્ષક સભ્ય** તરીકે જોડાશે.

### યુનાઈટેડ નેશન્સ હ્યુમન રાઈટ્સ કાઉન્સિલ (UNHRC) વિશે

UNHRCની સ્થાપના **15 માર્ચ, 2006**ના રોજ થઈ હતી.

- તેનું મુખ્યમથક સ્વિટ્ઝર્લેન્ડના જિનીવા ખાતે આવેલું છે.
- તેનો ઉદ્દેશ વિશ્વભરમાં માનવ અધિકારને પ્રોત્સાહન અને સંરક્ષણ આપવાનો છે.
- UNHRCમાં **પ્રાદેશિક જૂથ** પ્રમાણે **ત્રણ વર્ષની મુદત** માટે **47 ચૂંટાયેલા** સભ્યો છે.
- UNHRCના વર્તમાન **અધ્યક્ષ ફીજીના સુશ્રી નઝહત શમીન ખાન** છે. જેઓની તાજેતરમાં 15 જાન્યુઆરી, 2021ના રોજ નિમણૂક કરવામાં આવી છે.

INSTITUTE FOR COMPETITIVE

1. ભારતમાં 'માતૃપિતૃ પૂજન દિવસ'ની ઉજવણી ક્યારે કરવામાં આવે છે ?
(A) 14 ફેબ્રુઆરી (B) 15 ફેબ્રુઆરી (C) 16 ફેબ્રુઆરી (D) 13 ફેબ્રુઆરી **(A)**

2. સંત વેલેન્ટાઈનનો જન્મ તત્કાલીન સમયે વર્તમાનના કયા દેશમાં થયો હતો ?
(A) ફ્રાંસ (B) જર્મની (C) ઈટાલી (D) સ્પેન **(C)**

3. તાજેતરમાં 'વર્લ્ડ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ સમિટ 2021'નું ઉદઘાટન કોના દ્વારા કરવામાં આવ્યું હતું ?
(A) શ્રી રામનાથ કોવિંદ (B) શ્રી વેંકૈયા નાયડુ
(C) શ્રી પ્રકાશ જાવડેકર (D) શ્રી નરેન્દ્રભાઈ મોદી **(D)**

4. 'વર્લ્ડ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ સમિટ (WSDS)' વિશે સાચું વિધાન/વિધાનો જણાવો ?
1. વર્ષ 2021માં યોજાયેલ વર્લ્ડ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ સમિટએ આ સમિટનું 20મું સંસ્કરણ હતું.
2. આ સમિટના આયોજનના મુખ્ય ભાગીદારો કેન્દ્રીય નવા અને નવીનીકરણીય ઊર્જા મંત્રાલય, વન અને હવામાન પરિવર્તન મંત્રાલય અને પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય હતા.
3. સમિટ 2021ની થીમ 'Redefining our common Future : Safe and Secure Environment for All' હતી.
4. આ સમિટનું આયોજન ધ એનર્જી એન્ડ રિસોર્સિઝ ઈન્સ્ટિટ્યૂટ (TERI) દ્વારા કરવામાં આવે છે.
(A) 1, 2, 3 (B) 2, 3, 4 (C) 1, 2, 3, 4 (D) 1, 2, 4 **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

5. 'વર્લ્ડ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ સમિટ (WSDS)' બાબતે સાચા વિધાનો પસંદ કરો ?
1. આ સમિટ અગાઉ 'દિલ્હી સસ્ટેનેબલ ડેવલપમેન્ટ સમિટ' તરીકે ઓળખાતી હતી.
2. વર્ષ 2021ની સમિટ દરમિયાન ભારતે 'Climate Justice' પર ભાર મૂકયો હતો.
3. સસ્ટેનેબલ ડેવલપમેન્ટની સૌથી સ્વીકૃત વ્યાખ્યા 'બ્રુન્ડલેન્ડ કમિશને' તેના રિપોર્ટ 'Our Common Future (1987)"માં દર્શાવી છે.
4. WSDSનું આયોજન કરનાર TERI સંસ્થાના સ્થાપક શ્રી દરબારી એસ. શેઠ હતા.
(A) 1, 2, 3, 4 (B) 2, 3, 4 (C) 1, 2, 4 (D) 1, 2, 3 **(A)**

6 ઈ–કેબિનેટનો સમગ્ર રીતે અમલ કરનાર ભારતનું પ્રથમ રાજ્ય કયું છે ?

(A) ઉત્તરાખંડ (B) હિમાચલપ્રદેશ (C) બિહાર (D) મધ્યપ્રદેશ **(B)**

7. ઈ–કેબિનેટ સોલ્યુશનનો અમલ કરનાર ઉત્તર–પૂર્વનું પ્રથમ રાજય કયું છે ?

(A) સિક્કિમ (B) મણિપુર

(C) અરૂણાચલ પ્રદેશ (D) આસામ **(C)**

8. અમેરિકાએ કયા વર્ષમાં યુનાઈટેડ નેશન્સ હ્યુમન રાઈટ્સ કાઉન્સિલનું સભ્યપદ છોડયું હતું ?

(A) 2017 (B) 2018 (C) 2016 (D) 2019 **(B)**

9. યુનાઈટેડ નેશન્સ હ્યુમન રાઈટ્સ કાઉન્સિલનું મુખ્યમથક કયા આવેલું છે ?

(A) જિનીવા (B) પેરિસ (C) કોપનહેગન (D) ઓસ્લો **(A)**

10. તાજેતરમાં કયા દેશ દ્વારા યુનાઈટેડ નેશન્સ હ્યુમન રાઈટ્સ કાઉન્સિલમાં ફરીથી જોડાવાની જાહેરાત કરવામાં આવી હતી ?

(A) જાપાન (B) અમેરિકા (C) ફ્રાંસ (D) ઓસ્ટ્રેલિયા **(B)**



# વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ચેન્નાઈ ખાતે મેઈન બેટલ ટેન્ક અર્જુન MK-1A ભારતીય સેનાને સમર્પિત કરી



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તાજેતરમાં તમિલનાડુ અને કેરળની મુલાકાત લીધી હતી.

- આ મુલાકાત દરમિયાન તમિલનાડુની રાજધાની **ચેન્નાઈ ખાતે** આયોજિત એક સમારોહમાં વડાપ્રધાનશ્રીએ **મેઈન બેટલ ટેન્ક અર્જુન MK-1A** ભારતીય સેનાને સમિર્પત કરી હતી.
- વડાપ્રધાનશ્રીએ આ સમારોહ દરમિયાન **118 સ્વદેશી અર્જુન ટેન્ક** રાષ્ટ્રને અર્પણ કરી હતી.

## અર્જુન મેઈન બેટલ ટેન્ક (MBT) વિશે

**વર્ષ 1972**માં **DRDO** દ્વારા અર્જુન ટેન્ક માટેનો પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો હતો.

- મેઈન બેટલ ટેન્ક અર્જુન MK-1A **DRDO**ના **કોમ્બેટ વ્હિકલ્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ એસ્ટાબ્લિશમેન્ટ (CVRDE)** દ્વારા ડિઝાઈન અને તૈયાર કરવામાં આવી છે.

## અર્જુન મેઈન બેટલ ટેન્ક અને MK-1A વર્ઝનની લાક્ષણિકતાઓ

અર્જુન MBT **ફિન સ્ટેબિલાઈઝડ આર્મર પિયર્સિંગ ડિસ્કાર્ડિંગ સેબટ (FSAPDS)** દારૂગોળાની સાથે સ્વદેશી રૂપથી વિકસિત **120 મીમીની મેઈન રાઈફલ ગન** પણ ધરાવે છે.

- FSAPDSએ સીધી શૂટિંગ રેન્જમાં તમામ જાણીતી ટેન્કોનો નાશ કરવામાં સક્ષમ છે.
- અર્જુન ટેન્ક **કમ્પ્યૂટર-કન્ટ્રોલ ઈન્ટિગ્રેટેડ ફાયર કન્ટ્રોલ સિસ્ટમ** પણ ધરાવે છે જે સ્થિર દષ્ટિ સાથે તમામ પ્રકાશની અવસ્થામાં કામ કરે છે.
- તે **7.62 મીમી કો-એકિસયલ એન્ટિ પર્સનલ મશીનગન** અને **12.7 મીમી એન્ટિ એરક્રાફ્ટ મશીનગન** પણ ધરાવે છે.
- **અર્જુન MK-1Aમાં** અગાઉના વર્ઝન કરતાં **14 મોટાં સુધારાઓ** કરવામાં આવ્યા છે.
- આ નવા સંસ્કરણના નિર્માણમાં 54.3% સ્વદેશી ઘટકોનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE FACTS :

(1) અર્જુન એ ત્રીજી પેઢીની મેઈન બેટલ ટેન્ક (MBT) છે.

(2) તે ભારતીય સેના માટે DRDO દ્વારા વિકસાવવામાં આવેલ છે.

(3) અર્જુન ટેન્કનું નામ મહાભારતના પાત્ર અર્જુનના નામ પરથી રાખવામાં આવ્યું છે.

(4) અર્જુન ટેન્કનો ભારતીય સેનામાં સમાવેશ વર્ષ 2004માં કરવામાં આવ્યો હતો.

(5) વર્ષ 1996માં તમિલનાડુના અવાડી ખાતે આવેલી ઈન્ડિયન ઓર્ડિનન્સ ફેક્ટરીમાં અર્જુન ટેન્ક માટેનું માસ પ્રોડક્શન શરૂ કરવામાં આવ્યું હતું.

## બાયોએશિયા 2021 ઈવેન્ટનું આયોજન હૈદરાબાદ ખાતે કરવામાં આવશે

22 ફેબ્રુઆરી, 2021થી 23 ફેબ્રુઆરી, 2021 દરમિયાન **બાયોએશિયા 2021**ની **18મી આવૃત્તિનું** આયોજન **હૈદરાબાદ** ખાતે વર્ચ્યુઅલ રીતે કરવામાં આવશે.

- **વર્ષ 2021**ની બાયોએશિયા ઈવેન્ટ **'Move the Needle' થીમ** અંતર્ગત યોજવામાં આવી રહી છે.
- બાયોએશિયા 2021 ઈવેન્ટનું આયોજન **તેલંગાણા** રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી રહ્યું છે.

### બાયોએશિયા 2021 વિશે

બાયોએશિયા 2021 ઈવેન્ટ મુખ્યત્વે આ વર્ષે **કોવિડ-19**, **ફાર્મા**, **મેડટેક** તેમજ **વૈશ્વિક સ્વાસ્થ્ય** જેવા મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રીત કરશે.

- કોવિડ-19 મહામારીના કારણે લોકોના જીવનમાં તેમજ જીવન વિજ્ઞાન ઉદ્યોગમાં આવેલા વિવિધ ફેરફારો પર આ ઈવેન્ટ દરમિયાન ધ્યાન કેન્દ્રીત કરવામાં આવશે.
- આ ઈવેન્ટ જીવન વિજ્ઞાન ઉદ્યોગ માટે મહત્વના વિષયો પર ચર્ચા કરવા એક મંચ પ્રદાન કરે છે.
- તબીબી તકનીકોમાં ભારત માટે આયાતકાર દેશમાંથી મોટા નિકાસકાર દેશ બનવાની વિપુલ સંભાવનાઓ છે. આ ઈવેન્ટ દ્વારા તેને પ્રોત્સાહન મળશે.
- આ ઈવેન્ટની મદદથી ભારતના બાયોટેકનોલોજી ક્ષેત્રના વિકાસને વેગ મળશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારતનું બાયોટેકનોલોજી ક્ષેત્ર

ભારત એશિયા પેસિફિક ક્ષેત્રમાં ત્રીજું સૌથી મોટું બાયોટેકનોલોજી ડેસ્ટિનેશન બન્યું છે.

- ભારતમાં 500થી વધુ યુનાઈટેડ સ્ટેટ્સ ફૂડ એન્ડ ડ્રગ એડમિનીસ્ટ્રેશન (USFDA) દ્વારા માન્યતા પ્રાપ્ત ભારતીય માલિકીના બાયોટેકનોલોજી પ્લાન્ટ્સ છે જે વિશ્વભરમાં બીજા ક્રમે છે.
- ભારત BCG, DPT અને ઓરીની રસી માટે વિશ્વનો સૌથી મોટો સપ્લાયર દેશ છે.

**ICE FACTS :**

(1) BCGનું પૂરું નામ 'બેસિલસ કાલમેટ્ટ ગ્યુરિન' છે. BCGનો ઉપયોગ મુખ્યત્વે ટ્યુબરકોલોસિસ (TB) સામે કરવામાં આવે છે.

(2) BCGના શોધકર્તાઓ શ્રી આલ્બર્ટ કાલમેટ્ટ અને શ્રી કેમિલ ગ્યુરિન છે.

(3) DPT એ મુખ્યત્વે ત્રણ ચેપી રોગો સામે રક્ષણ આપતી રસી છે જેમાં ડિપ્થેરિયા, પર્ટુસિસ અને ટીટાનસનો સમાવેશ થાય છે.

## યુ.એ.ઈ.નું મંગળ મિશન 'હોપ પ્રોબ' મંગળની ભ્રમણકક્ષામાં પ્રવેશ્યું

જાપાનના તનેગાશીમા સ્પેસ સેન્ટર પરથી સંયુક્ત આરબ અમીરાત (UAE)નું પ્રથમ મંગળ મિશન 'હોપ પ્રોબ' જુલાઈ, 2020માં લોન્ચ કરવામાં આવ્યું હતું.

- અને તે હવે 7 મહિના પછી મંગળની ભ્રમણકક્ષામાં પ્રવેશ્યું છે.
- સંયુક્ત આરબ અમીરાત અમેરિકા, રશિયા, ચીન, યુરોપિયન યુનિયન અને ભારત પછી મંગળની ભ્રમણકક્ષામાં પ્રવેશનારો વિશ્વનો પાંચમો દેશ બન્યો છે.

## યુ.એ.ઈ.ના મંગળ મિશન 'HOPE Probe' વિશે

યુ.એ.ઈ.ના મંગળ મિશનની ડિઝાઈન અને વિકાસની કામગીરી યુ.એ.ઈ.ના મોહમ્મદ બિન રાશીદ સ્પેસ સેન્ટર (MBRSC) દ્વારા સંચાલિત છે.

- યુ.એ.ઈ.એ તેનું હોપ ઓર્બિટર 19 જુલાઈ, 2020ના રોજ લોન્ચ કર્યું હતું. જે 9 ફેબ્રુઆરી, 2021ના રોજ મંગળની ભ્રમણકક્ષામાં પહોંચ્યું હતું.
- 'હોપપ્રોબ' ઓર્બિટરને જાપાનીઝ લોન્ચર મિત્સુબિશી હેવી ઈન્ડસ્ટ્રીઝ H-IIAની મદદથી લોન્ચ કરવામાં આવ્યું હતું.
- તે હાઈ રિઝોલ્યુશનવાળા કેમેરા અને સ્પેક્ટ્રોમીટરથી સુસજ્જ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## આ મિશનનો હેતુ

'હોપ પ્રોબ' મિશનની મદદથી મંગળના વિવિધ પ્રદેશોમાં હવામાન કેવી રીતે બદલાય છે તેનો અભ્યાસ કરવામાં આવશે.

- તેમજ આ મિશન મંગળના નીચલા વાતાવરણમાં ધુળના તોફાનો, મૌસમી હવામાન ચક્ર વગેરેનો અભ્યાસ કરશે.
- આ ગ્રહ અંતરિક્ષમાં હાઈડ્રોજન અને ઓક્સિજન કેવી રીતે ગુમાવે છે તેનો પણ અભ્યાસ કરશે.

**વર્ષ 2020ના વિવિધ દેશોના મંગળમિશનો**

| ક્રમ | મિશનનું નામ | દેશ/સંગઠન | ઉદ્દેશ |
|---|---|---|---|
| 1 | પર્સેવરન્સ | નાસા | મંગળગ્રહ પર પ્રાચીન જીવનના અવશેષોની શોધ |
| 2 | તિયાનવેન-1 | ચીન | મંગળગ્રહનું સર્વેક્ષણ |
| 3 | હોપપ્રોબ | સંયુક્ત આરબ અમીરાત | મંગળગ્રહની આબોહવા ગતિશીલતાનો અભ્યાસ |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ભારતનું માર્સ ઓર્બિટર મિશન (MOM)

માર્સ ઓર્બિટર મિશન (MOM)એ ભારતનું પ્રથમ મંગળ અભિયાન છે. જેને 'મંગળયાન' તરીકે પણ ઓળખવામાં આવે છે.



- તેનું લોન્ચિંગ ઈસરો દ્વારા 5 નવેમ્બર, 2013ના રોજ કરવામાં આવ્યું હતું.
- તેનું લોન્ચિંગ ઈસરો દ્વારા આંધ્રપ્રદેશના શ્રીહરિકોટા ખાતે આવેલા સતીશ ધવન સ્પેસ સેન્ટર પરથી પોલર સેટેલાઈટ લોન્ચ વિહીકલ (PSLV-C25)ની મદદથી કરવામાં આવ્યું હતું.
- 24 સપ્ટેમ્બર, 2014ના રોજ ભારતનું યાન મંગળ પર સફળતાપૂર્વક પહોંચ્યું હતું. અને પોતાના પ્રથમ પ્રયત્નમાં આ સિદ્ધિ મેળવનાર ભારત વિશ્વનો પ્રથમ દેશ બન્યો હતો.
- તેમજ રશિયા, અમેરિકા અને યુરોપિયન સ્પેસ એજન્સી પછી વિશ્વનો ચોથો દેશ બન્યો હતો.

1. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તાજેતરમાં કયાં સ્થળે મેઈન બેટલ ટેન્ક અર્જુન MK-1A ભારતીય સેનાને સમર્પિત કરી હતી ?

(A) ચેન્નાઈ (B) મુંબઈ (C) બેંગાલુરુ (D) વિશાખાપટ્ટનમ **(A)**

2. નીચેના પૈકી સાચા વિધાન/વિધાનો જણાવો ?

1. વર્ષ 1972માં DRDO દ્વારા અર્જુન ટેન્ક માટેનો પ્રોજેકટ શરૂ કરવામાં આવ્યો હતો.
2. મેઈન બેટલ ટેન્ક અર્જુન MK-1A DRDOના કોમ્બેટ વ્હિકલ્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ એસ્ટાબ્લિશમેન્ટ (CVRDE) દ્વારા ડિઝાઈન અને તૈયાર કરવામાં આવી છે.
3. અર્જુન એ ત્રીજી પેઢીની મેઈન બેટલ ટેન્ક છે.
4. અર્જુન MBT ફિન સ્ટેબિલાઈઝડ આર્મર પિયર્સિંગ ડિસ્કાર્ડિંગ સેબટ (FSAPDS) દારૂગોળાની સાથે સ્વદેશીરૂપથી વિકસિત 120 MMની મેઈન રાઈફલ ગન પણ ધરાવે છે.

(A) 1, 2, 3, 4 (B) 2, 3, 4 (C) 1, 2, 4 (D) 1, 2, 3 **(A)**

3. બાયોએશિયા 2021 ઈવેન્ટનું આયોજન તાજેતરમાં કયા કરવામાં આવશે ?

A) નવી દિલ્હી (B) હૈદરાબાદ

(C) બેંગાલુરુ (D) વિશાખાપટ્ટનમ **(B)**

4. હૈદરાબાદ ખાતે બાયોએશિયા ઈવેન્ટની કેટલામી આવૃત્તિનું આયોજન કરવામાં આવશે ?

(A) 15 (B) 16 (C) 17 (D) 18 **(D)**

5. વર્ષ 2021ની બાયો એશિયા ઈવેન્ટની થીમ જણાવો ?

(A) Move the things

(B) Move the Needle

(C) Development of Biomedical sector

(D) Move the towards **(B)**

6. DPT એ મુખ્યત્વે ત્રણ ચેપીરોગો સામે રક્ષણ આપતી રસી છે, જે પૈકી નીચેનામાંથી ખોટો વિકલ્પ પસંદ કરો ?

(A) ડિપ્થેરિયા (B) પર્ટુસિસ (C) ટીટાનસ (D) પોલિયો **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

7. 'હોપપ્રોબ'એ કયા દેશનું મંગળમિશન છે ?
(A) યુ.એ.ઈ. (B) અમેરિકા (C) જાપાન (D) ચીન **(A)**

8. યુ.એ.ઈ.ના 'હોપપ્રોબ' ઓર્બિટરને કયા દેશના લોન્ચર મિત્સુબિશી હેવી ઈન્ડસ્ટ્રીઝ H-IIAની મદદથી લોન્ચ કરવામાં આવ્યું હતું ?
(A) રશિયા (B) દક્ષિણ કોરિયા (C) જાપાન (D) અમેરિકા **(C)**

9. વર્ષ 2020માં વિવિધ દેશો દ્વારા હાથ ધરવામાં આવેલા મંગળમિશનો પૈકી ખોટો વિકલ્પ પસંદ કરો ?
(A) પર્સેવરન્સ (B) તિયાનવેન-1 (C) હોપપ્રોબ (D) તિયાનવેન-3 **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®




## ભારત રમકડા મેળાની વેબસાઈટ નવી દિલ્હી ખાતે લોન્ચ કરવામાં આવી

11 ફેબ્રુઆરી, 2021ના રોજ ભારત રમકડા મેળાની વેબસાઈટનું લોન્ચિંગ નવી દિલ્હી ખાતે કેન્દ્રીય કાપડ મંત્રી સુશ્રી સ્મૃતિ ઈરાની, કેન્દ્રીય શિક્ષણ પ્રધાન શ્રી રમેશ પોખરિયાલ 'નિશંક' અને કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ પ્રધાન શ્રી પિયુષ ગોયલ દ્વારા કરવામાં આવ્યું હતું.

### ભારતીય રમકડા મેળો (Indian Toy Fair) 2021 વિશે

ભારતના પ્રથમ રમકડા મેળાનું આયોજન 27 ફેબ્રુઆરીથી 2 માર્ચ, 2021 દરમિયાન કરવામાં આવશે.

- કેન્દ્રીય કાપડ મંત્રાલય દ્વારા કેન્દ્રીય શિક્ષણ મંત્રાલય અને કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના સહયોગથી આ મેળાનું આયોજન કરવામાં આવી રહ્યું છે.
- આ એક વર્ચ્યુઅલ ઈવેન્ટ છે જેનું આયોજન બાળકોને આનંદદાયક શિક્ષણ આપવાના હેતુથી કરવામાં આવી રહ્યું છે.
- આ મેળાનો હેતુ નીતિ નિર્માતાઓ, બાળકો, માતાપિતા, શિક્ષકો અને ભારતીય રમકડા ઉદ્યોગને એકસાથે લાવવાનો છે. અને ભારતીય રમકડા ઉદ્યોગને પ્રોત્સાહન આપવાનો છે.
- ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ ટેક્નોલોજી ગાંધીનગરના સેન્ટર ફોર ક્રિયેટીવ લર્નિંગ (CCL) દ્વારા મેળામાં પ્રદર્શન માટે 200થી વધુ રમકડાઓ વિકસાવવામાં આવ્યા છે.
- આ મેળામાં સ્ટેટ કાઉન્સિલ ફોર એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનીંગ (SCERT), શિક્ષણ મંત્રાલય, નેશનલ કાઉન્સિલ ફોર એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનીંગ (NCERT) અને ડિપાર્ટમેન્ટ ઓફ સ્કૂલ એજ્યુકેશન એન્ડ લિટરેસી (DoSEL)ના 75 પ્રદર્શન સ્ટોલોનો પણ સમાવેશ કરવામાં આવશે.
- રમકડા મેળાનું આયોજન કરવાનો વિચાર વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 30 ઓગસ્ટ, 2020ના રોજ તેના 'મન કી બાત' કાર્યક્રમમાં રજૂ કર્યો હતો.

**ICE FACT :**

(1) સેન્ટર ફોર ક્રિયેટીવ લર્નિંગ (CCL)ની સ્થાપના એપ્રિલ 2017માં કરવામાં આવી હતી. જે વિદ્યાર્થીઓમાં અને શિક્ષકોમાં રહેલા વૈજ્ઞાનિક સ્વભાવ અને સર્જનાત્મકતાને પોષણ આપે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ભારતીય નૌસેનાની સૌથી મોટી દ્વિવાર્ષિક થિયેટર લેવલ ઓપરેશનલ રેડીનેસ એકસરસાઈઝ (TROPEX-21) ફેબ્રુઆરીના ત્રીજા અઠવાડિયામાં પૂર્ણ થશે

ભારતીય નૌસેનાની સૌથી મોટી દ્વિવાર્ષિક થિયેટર લેવલ ઓપરેશનલ રેડીનેસ એકસરસાઈઝ (TROPEX-21)ની શરૂઆત જાન્યુઆરી 2021માં કરવામાં આવી હતી તેમજ આ કવાયતની પૂર્ણાહુતિ ફેબ્રુઆરી મહિનાના ત્રીજા અઠવાડિયા દરમિયાન થઈ રહી છે.



## TROPEX-21ની થીમ

TROPEX-21 કવાયતનું આયોજન **'Combat Ready, Credible and Cohesive force'**ની થીમ અંતર્ગત કરવામાં આવી રહયું છે.

## TROPEX-21 કવાયત વિશે

આ દ્વિવાર્ષિક કવાયતમાં ભારતીય સેના, ભારતીય વાયુસેના અને કોસ્ટગાર્ડના એકમો ભાગ લઈ રહયા છે.

- આ કવાયતનું આયોજન હિંદ મહાસાગર ક્ષેત્રમાં કરવામાં આવી રહયું છે.
- ભારતીય નૌકાદળના ત્રણેય કમાન્ડો (પૂર્વીય, પશ્ચિમી અને દક્ષિણ નૌકા કમાન્ડ) અને પોર્ટ બ્લેર પર સ્થિત ભારતીય સશસ્ત્ર દળની એકમાત્ર ત્રિ-સેવા થિયેટર કમાન્ડની સહભાગિતા સાથે નેવલ હેડકર્વાટર દ્વારા ટ્રોપેકસનું સંચાલન કરવામાં આવ્યું છે.
- આ કવાયતના આયોજનનો હેતુ હિંદ મહાસાગર ક્ષેત્રમાં સ્થિરતા અને શાંતિને પ્રોત્સાહન આપવાનો છે.
- તેમજ આ કવાયત દ્વારા ભારતીય નૌકાદળની સંરક્ષણ ક્ષમતામાં પણ વધારો થશે.

## આ કવાયતનો પ્રથમ તબક્કો

આ કવાયતના પ્રથમ તબક્કામાં, 12-13 જાન્યુઆરી, 2021 દરમિયાન ‘સી–વિજિલ કવાયત’નું આયોજન કરવામાં આવ્યું હતું.

- સી–વિજિલ દરિયાઈ સંરક્ષણ કવાયત સમગ્ર ભારતના 7,516 કિલોમીટરના દરિયાકાંઠામાં હાથ ધરવામાં આવી હતી. તેમાં તમામ 13 દરિયાકાંઠાના રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો અને એકસ્કલુઝીવ ઈકોનોમિક ઝોનનો સમાવેશ થયો હતો.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## TROPEX કવાયત વિશે

TROPEX એ એક આંતર-સેવા સૈન્ય કવાયત છે જેમાં ભારતીય વાયુસેના, ભારતીય નૌકાદળ અને ભારતીય સૈન્યનો સમાવેશ થાય છે.

- આ દ્વિવાર્ષિક કવાયતનું આયોજન સામાન્ય રીતે વર્ષની શરૂઆતમાં કરવામાં આવે છે.
- પ્રથમ વખત ટ્રોપેકસનું આયોજન વર્ષ 2005માં કરવામાં આવ્યું હતું.



1. ભારત રમકડા મેળાની વેબસાઈટ કયા લોન્ચ કરવામાં આવી હતી ?

(A) નવી દિલ્હી (B) મુંબઈ (C) કાનપુર (D) પટના

(A)

2. ભારત રમકડા મેળાની વેબસાઈટ તાજેતરમાં નવી દિલ્હી ખાતે લોન્ચ કરવામાં આવી હતી, જે બાબતે નીચેના પૈકી કયા મંત્રીશ્રીનો સમાવેશ થતો નથી ?

(A) સુશ્રી સ્મૃતિ ઈરાની (B) શ્રી રમેશ પોખરિયાલ 'નિશંક'

(C) શ્રી પિયુષ ગોયલ (D) શ્રી નરેન્દ્રસિંહ તોમર

(D)

3. ભારતીય રમકડા મેળા 2021 વિશે સાચું વિધાન / વિધાનો જણાવો ?

1. વર્ષ 2021માં ભારતના પ્રથમ રમકડા મેળાનું આયોજન કરવામાં આવી રહયું છે.
2. કેન્દ્રીય કાપડ મંત્રાલય દ્વારા કેન્દ્રીય શિક્ષણ મંત્રાલય અને કેન્દ્રીય વાણિજય અને ઉદ્યોગ મંત્રાલયના સહયોગથી આ મેળાનું આયોજન કરવામાં આવી રહયું છે.
3. ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજી ગાંધીનગરના સેન્ટર ફોર ક્રિયેટીવ લર્નિંગ (CCL) દ્વારા આ મેળામાં પ્રદર્શન માટે 200થી વધુ રમકડા વિકસાવવામાં આવ્યા છે.

(A) 1, 2 (B) 2, 3 (C) 1, 2, 3 (D) 1, 3

(C)

4. TROPEX-21 કવાયત બાબતે સાચાં વિધાન/વિધાનોની ચકાસણી કરો ?

1. ભારતીય નૌસેનાની સૌથી મોટી દ્વિવાર્ષિક થિયેટર લેવલ ઓપરેશનલ રેડીનેસ એકસરસાઈઝ (TROPEX-21)ની શરૂઆત જાન્યુઆરી મહિનામાં કરવામાં આવી હતી.
2. TROPEX-21નું આયોજન 'Combat Ready, Credible and Cohesive force'ની થીમ અંતર્ગત કરવામાં આવ્યું છે.
3. આ કવાયત દ્વારા હિંદ મહાસાગર ક્ષેત્રમાં સ્થિરતા અને શાંતિને પ્રોત્સાહન મળશે.
4. પ્રથમ વખત ટ્રોપેકસનું આયોજન વર્ષ 2005માં કરવામાં આવ્યું હતું.

(A) 1, 2, 3 (B) 1, 2, 3, 4 (C) 2, 3, 4 (D) 1, 2, 4

(B)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# રાષ્ટ્રપતિશ્રીએ કેન્દ્રશાસિત પ્રદેશ પુડુચેરીના ઉપરાજ્યપાલ તરીકે સુશ્રી તમિલિસાઈ સુંદરરાજનની નિમણૂક કરી



તાજેતરમાં પુડુચેરીમાં સરકાર લઘુમતીમાં મૂકાતા પુડુચેરીના લેફ્ટનન્ટ ગવર્નર પદેથી સુશ્રી કિરણ બેદીએ રાજીનામું આપ્યું હતું.

- તેઓના સ્થાને રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે તેલંગાણાના રાજ્યપાલ સુશ્રી તમિલિસાઈ સુંદરરાજનને પુડુચેરીનો વધારાનો હવાલો સોંપ્યો હતો.

## કેન્દ્રશાસિત પ્રદેશ બાબતે કેટલીક બંધારણીય જોગવાઈઓ

બંધારણના ભાગ-8માં અનુચ્છેદ-239થી અનુચ્છેદ 241 સુધી કેન્દ્રશાસિત પ્રદેશોના શાસન અંગે જોગવાઈ કરવામાં આવી છે. આ વિસ્તારો સીધા કેન્દ્ર સરકારના નિયંત્રણમાં હોવાથી તેને કેન્દ્રશાસિત પ્રદેશ કહેવામાં આવે છે.

- કેન્દ્રશાસિત પ્રદેશોનો વહીવટ યોગ્ય રીતે ચાલે તેની જવાબદારી રાષ્ટ્રપતિની હોય છે.

## અનુચ્છેદ-239 - કેન્દ્રશાસિત પ્રદેશોનો વહીવટ

અનુચ્છેદ-239(1) મુજબ કેન્દ્રશાસિત પ્રદેશોમાં વહીવટદારોની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે તથા તેમના અધિકાર અને જવાબદારીઓનું નિર્ધારણ પણ રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે.

- આ પ્રદેશના વહીવટદારોના નામ પણ રાષ્ટ્રપતિ દ્વારા અલગ–અલગ નક્કી કરવામાં આવ્યા છે. જેમ કે દિલ્હી, પુડુચેરી, આંદામાન અને નિકોબાર દ્વિપસમૂહ માટે 'ઉપ-રાજ્યપાલ' તથા બાકીના કેન્દ્રશાસિત પ્રદેશો માટે 'વહીવટદાર/પ્રશાસક' હોય છે.
- અનુચ્છેદ-239(2) : રાષ્ટ્રપતિ કોઈ રાજ્યના રાજ્યપાલને કોઈ નજીકના કેન્દ્રશાસિત પ્રદેશના વહીવટદાર કે ઉપ રાજ્યપાલ તરીકે નિમણૂક કરી શકે છે.
- વહીવટદાર/ઉપરાજ્યપાલ દ્વારા પોતાના કાર્યો મંત્રીમંડળથી સ્વતંત્ર રહીને કરવામાં આવે છે.
- કેન્દ્રશાસિત પ્રદેશોના શાસકો રાજ્યપાલને સમકક્ષ રાજ્યના મુખ્ય વડા હોતા નથી પરંતુ તેઓ રાષ્ટ્રપતિના એજન્ટ તરીકે કાર્ય કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વિધાનસભા અને મંત્રીપરિષદ (પુડુચેરીના સંદર્ભે)

**વર્ષ 1962**માં **અનુચ્છેદ-239(A)** ઉમેરી કેન્દ્રીય સંસદને શકિત આપવામાં આવી કે તે કેન્દ્રશાસિત પ્રદેશોમાં વિધાનમંડળ અથવા મંત્રીપરિષદ અથવા બંનેનું સર્જન કરી શકે છે.

- આ અંતર્ગત **વર્ષ 1963**માં **પુડુચેરીમાં 30 બેઠકોવાળી વિધાનસભાની** રચના કરવામાં આવી છે.
- **અનુચ્છેદ-239(AB)** અંતર્ગત **દિલ્હી અને પુડુચેરી** બંનેમાં બંધારણીય નિષ્ફળતા અંતર્ગત **અનુચ્છેદ-356** લાગુ કરી શકાય છે.
- **અનુચ્છેદ-239(B)** અંતર્ગત દિલ્હી અને પુડુચેરી બંનેમાં વિધાનસભાનું સત્ર ચાલુ ન હોય તેવા સમયે ઉપરાજ્યપાલ રાષ્ટ્રપતિની મંજૂરીથી વટહુકમ બહાર પાડી શકે છે પણ તે માટે વિધાનસભા શરૂ થવાના પ્રથમ 6 સપ્તાહમાં મંજૂરી મળવી આવશ્યક છે.

**ICE FACTS :**

(1) **વર્ષ 2006**માં પોંડિચેરીનું નામ બદલીને પુડુચેરી કરવામાં આવ્યું છે.

(2) પુડુચેરીએ **મદ્રાસ હાઈકોર્ટ**ને આધિન છે.

(3) લેફ્ટનન્ટ ગવર્નરની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા 5 વર્ષ માટે કરવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ‘વિજયનગર’એ કર્ણાટકનો નવો 31મો જિલ્લો બન્યો

કર્ણાટક રાજ્ય સરકારે તાજેતરમાં જ ઐતિહાસિક સ્થળ એવા **વિજયનગર**ને **કર્ણાટક**નો **31મો જિલ્લો** જાહેર કર્યો છે.

- તેમજ વિજયનગરના મુખ્યમથક તરીકે **હોસાપેટે**ને જાહેર કર્યો છે.

### વિજયનગર જિલ્લા વિશે

વિજયનગરએ હેદરાબાદ–કર્ણાટક ક્ષેત્રમાં સ્થિત છે.

- આ જિલ્લામાં યુનેસ્કોના **વિશ્વ ધરોહર સ્થળો** જેવાં કે **હમ્પી** અને **વિરૂપાક્ષ મંદિર** આવેલા છે.
- વિજયનગર જિલ્લાનું નામ વિજયનગર સામ્રાજ્યની રાજધાની પર રાખવામાં આવેલું છે.
- કર્ણાટક રાજ્ય સરકારે **કર્ણાટક જમીન મહેસૂલ અધિનિયમ, 1964** અંતર્ગત **બલ્લારી જિલ્લામાંથી** વિજયનગર જિલ્લાની રચના કરી છે.
- વિજયનગર જિલ્લામાં કુલ 6 તાલુકાઓનો સમાવેશ કર્યો છે.

## પૃષ્ઠભૂમિ

કર્ણાટકના મુખ્યપ્રધાન શ્રી બી. એસ. યેદીયુરપ્પાએ સપ્ટેમ્બર, 2019માં નવો વિજયનગર જિલ્લો બનાવવાની તેમની યોજનાની જાહેરાત કરી હતી.

- મુખ્યમંત્રીશ્રીએ વહીવટી કારણોસર નવો જિલ્લો જરૂરી હોવાનું જણાવ્યું હતું.
- તેઓએ એમ પણ જણાવ્યું હતું કે આ નવા જિલ્લાની રચનાથી હમ્પી અને વિરૂપાક્ષ જેવા મંદિરોના સ્થળોએ પર્યટનને પ્રોત્સાહન આપવામાં મદદ મળશે.

## નવા જિલ્લાની રચનાનો વિરોધ

કર્ણાટકના શાસકપક્ષે વિજયનગર જિલ્લાની રચનાને લઈ ઘણા વિરોધોનો સામનો કરવો પડયો હતો.

- બલ્લારી જિલ્લાના વિભાજનના કારણે તેલુગુભાષી લોકો અને કન્નડ ભાષી લોકો વચ્ચે ભાષાકીય વિવાદ થવાની બાબત વિપક્ષ દ્વારા રજૂ કરવામાં આવી હતી.

## હમ્પી વિશે

હમ્પીએ યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઈટ છે જે પૂર્વ–મધ્ય કર્ણાટકમાં સ્થિત છે.

- હમ્પીએ મધ્યકાલીન હિંદુરાજ્ય <u>વિજયનગર સામ્રાજ્યની રાજધાની</u> હતું.
- <u>તુંગભદ્રા નદીના</u> તટ પર સ્થિત આ નગરના હવે ફકત ખંડેરો સ્વરૂપે અવશેષો બચ્યા છે.
- હમ્પી ગોળ ખડકોની વચ્ચે વિશાળ જગ્યામાં પથરાયેલું છે. ઘાટીઓ અને ટેકરીઓની વચ્ચે પથરાયેલાં પાંચસોથી પણ વધુ સ્મારકચિહનો અહીં આવેલા છે જેમાં મંદિર, ભોંયરા, મહેલ, જૂના બજાર, શાહી મંડપ, ગઢ, ચબૂતરા, રાજભંડાર વગેરે અનેક ઈમારતો છે.
- બેઈજિંગ બાદ હમ્પી–વિજયનગર મધ્યયુગીન સમયનું વિશ્વનું બીજુ સૌથી મોટું શહેર હતું.

**ICE FACTS :**

(1) વિરૂપાક્ષ મંદિરએ હમ્પીના સ્મારકોનો એક ભાગ છે. આ મંદિર <u>ભગવાન શિવના</u> એક સ્વરૂપ <u>ભગવાન વિરૂપાક્ષને</u> સમર્પિત છે.

(2) વિરૂપાક્ષ મંદિરનું નિર્માણ <u>દેવરાય દ્વિતીય</u> ના શાસનકાળમાં <u>લક્કન દંડેશા</u> દ્વારા કરવામાં આવ્યું હતું.

(3) વિજયનગર સામ્રાજ્યની સ્થાપના વર્ષ 1336માં માધવ વિદ્યારણ્ય નામના સંન્યાસીની પ્રેરણાથી હરિહર અને બુક્કા નામના બે ભાઈઓએ કરી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# TIFAC દ્વારા 'સક્ષમ' નોકરી પોર્ટલ અને 'સમુદ્રી શેવાળ મિશન' લોન્ચ કરવામાં આવ્યું

તાજેતરમાં <u>ધ ટેકનોલોજી ઈન્ફોર્મેશન, ફોરકાસ્ટિંગ એન્ડ અસેસમેન્ટ કાઉન્સિલ (TIFAC)</u> દ્વારા <u>'સક્ષમ'</u> નોકરી પોર્ટલ અને <u>'સમુદ્રી શેવાળ મિશન'</u> લોન્ચ કરવામાં આવ્યું છે.

- TIFACના <u>34મા સ્થાપના દિવસ</u>ના પ્રસંગે આ બંને પહેલોની શરૂઆત કરવામાં આવી હતી.

## સક્ષમ (શ્રમ શકિત મંચ) નોકરી પોર્ટલ વિશે

સક્ષમએ એક ડાઈનેમિક નોકરી પોર્ટલ છે જે દેશભરમાં રહેલા MSME ક્ષેત્રોની જરૂરિયાતો અને શ્રમિકોના કૌશલ્યને જોડવા માટે એક સામાન્ય પ્લેટફોર્મ પ્રદાન કરે છે.

- સક્ષમ પોર્ટલ મધયસ્થીઓ અને શ્રમિક કોન્ટ્રાકટરોને દૂર કરવામાં મદદરૂપ થશે.
- આ પોર્ટલ શ્રમિકો માટેના કૌશલ્ય કાર્ડના વિકાસમાં પણ મદદરૂપ થશે.
- તેનાથી 10 લાખ જેટલી બ્લુકોલર જોબમાં વધારો થશે.
- તેની મદદથી શ્રમિકોને નજીકમાં જ કામ મળી રહેશે. તેમજ કંપનીઓની શ્રમિક કોન્ટ્રાકટરો પરની નિર્ભરતા પણ ઘટશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 'સક્ષમ' પોર્ટલ જેવી અન્ય કેન્દ્ર સરકારની પહેલો

(1) <u>'શ્રમ શક્તિ પોર્ટલ'</u> કેન્દ્રીય <u>આદીજાતિ બાબતોના મંત્રાલય</u> દ્વારા લોન્ચ કરવામાં આવ્યું છે.

(2) <u>'આત્મનિર્ભર સ્કિલ્ડ એમ્પ્લોઈ એમ્પ્લોયર મેપીંગ' (ASEEM)</u> પોર્ટલ <u>કેન્દ્રીય કૌશલ્ય વિકાસ અને ઉદ્યમ મંત્રાલય</u> દ્વારા લોન્ચ કરવામાં આવેલ છે.

(3) <u>'NMIS ડેશબોર્ડ'</u> નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી દ્વારા લોન્ચ કરવામાં આવેલ છે.

## સમુદ્રી શેવાળ મિશન (Seaweed Cultivation Mission) વિશે

ભારતમાં સમુદ્રી શેવાળના ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે **'સમુદ્રી શેવાળ મિશન'**ની શરૂઆત કરવામાં આવી છે.

- વર્તમાનમાં ભારત વૈશ્વિક સમુદ્રી શેવાળ ઉત્પાદનના લગભગ 0.01- 0.02% ઉત્પાદન કરે છે.
- એક અનુમાન મુજબ, ભારતના એકસકલુઝીવ ઈકોનોમિક ઝોન (EEZ)ના 5% જેટલા વિસ્તારમાં સમુદ્રી શેવાળના ઉત્પાદન દ્વારા લગભગ 50 મિલિયન જેટલી રોજગારી પેદા કરી શકાય છે.

**ICE FACT :**

(1) વિશ્વમાં 57% શેવાળનું ઉત્પાદન એકલા ચીન દ્વારા કરવામાં આવે છે.

® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## TIFAC વિશે

TIFACનું પૂરુંનામ **'ટેકનોલોજી ઈન્ફોર્મેશન, ફોરકાસ્ટિંગ એન્ડ અસેસમેન્ટ કાઉન્સિલ'** છે.

- તે એક **સ્વાયત્ત સંસ્થા** (Autonomous organization) છે જેની સ્થાપના **વર્ષ 1988**માં કરવામાં આવી હતી.
- તે **વિજ્ઞાન અને ટેક્નોલોજી** વિભાગ હેઠળ કામ કરે છે.
- તે ટેકનોલોજીમાં નવીનીકરણને પ્રોત્સાહન આપે છે.

1. રાષ્ટ્રપતિશ્રીએ કેન્દ્રશાસિત પ્રદેશ પુડુચેરીના ઉપરાજ્યપાલ તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરી ?
(A) શ્રી જગદીશ મુખી (B) શ્રી ફાગુ ચૌહાણ
(C) સુશ્રી તમિલિસાઈ સુંદરરાજન (D) શ્રી વજુભાઈ વાળા
(C)

2. સુશ્રી તમિલિસાઈ સુંદરરાજન વર્તમાનમાં કયા રાજ્યના રાજ્યપાલ તરીકે સેવા આપી રહયા છે ?
(A) આંધ્રપ્રદેશ (B) તેલંગાણા
(C) કર્ણાટક (D) તમિલનાડુ
(B)

3. બંધારણના કયા ભાગમાં કેન્દ્રશાસિત પ્રદેશોના શાસન અંગેની જોગવાઈ કરવામાં આવી છે ?
(A) ભાગ-8 (B) ભાગ-6 (C) ભાગ-5 (D) ભાગ-9
(A)

4. કેન્દ્રશાસિત પ્રદેશોના વહીવટ અંગેની જોગવાઈ બંધારણના કયા અનુચ્છેદ અંતર્ગત આવે છે ?
A) અનુચ્છેદ-238 (B) અનુચ્છેદ-239
(C) અનુચ્છેદ-245 (D) અનુચ્છેદ-139
(B)

5. કેન્દ્રશાસિત પ્રદેશોના વહીવટદારો / ઉપરાજ્યપાલોની નિમણૂક કોના દ્વારા કરવામાં આવે છે ?
A) રાષ્ટ્રપતિ (B) ઉપરાષ્ટ્રપતિ
(C) વડાપ્રધાન (D) ઉપરોકત પૈકી એકપણ નહીં
(A)

6. નીચેના પૈકી કયા કેન્દ્રશાસિત પ્રદેશનો વહીવટ ઉપરાજ્યપાલ દ્વારા કરવામાં આવતો નથી ?
(A) દિલ્હી (B) પુડુચેરી
(C) આંદમાન અને નિકોબાર દ્વિપસમૂહ (D) દીવ અને દમણ
(D)

7. રાષ્ટ્રપતિ કોઈ રાજ્યના રાજ્યપાલને કોઈ નજીકના કેન્દ્રશાસિત પ્રદેશના વહીવટદાર કે ઉપરાજ્યપાલ તરીકે નિમણૂક કરી શકે છે. આ અંગેની જોગવાઈ બંધારણના કયા અનુચ્છેદ અંતર્ગત કરવામાં આવી છે ?
(A) અનુચ્છેદ-139(1) (B) અનુચ્છેદ-239(1)
(C) અનુચ્છેદ-139(2) (D) અનુચ્છેદ-239(2)
(D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

8. કયા વર્ષમાં પોંડિચેરીનું નામ બદલીને 'પુડુચેરી' કરવામાં આવ્યું છે ?

(A) 2006 (B) 2007 (C) 2008 (D) 2009 (A)

9. કયા રાજ્યએ તાજેતરમાં 'વિજયનગર' નામના નવા જિલ્લાની રચના કરી છે ?

(A) આંધ્રપ્રદેશ (B) તેલંગાણા (C) કર્ણાટક (D) તમિલનાડુ (C)

10. તાજેતરમાં નવરચિત વિજયનગર જિલ્લા વિશે સાચી બાબતોની ચકાસણી કરો ?

1. આ જિલ્લામાં યુનેસ્કોના વિશ્વ ધરોહર સ્થળો જેવા કે હમ્પી અને વિરૂપાક્ષ મંદિર આવેલા છે.
2. આ જિલ્લાનું નામ વિજયનગર સામ્રાજ્યની રાજધાની પર રાખવામાં આવ્યું છે.
3. નવરચિત જિલ્લાનું મુખ્યમથક હોસાપેટેને જાહેર કરવામાં આવ્યું છે.
4. નવરચિત જિલ્લામાં કુલ 6 તાલુકાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

(A) 1, 2, 3 (B) 1, 2, 3, 4 (C) 2, 3, 4 (D) 1, 2, 4 (B)

11. નીચે આપેલા વિધાનો પૈકી સાચાં વિધાનો જણાવો ?

1. હમ્પીએ મધ્યકાલીન હિંદુરાજ્ય વિજયનગર સામ્રાજ્યની રાજધાની હતું.
2. હમ્પીએ તુંગભદ્રા નદીના તટ પર સ્થિત છે.
3. વિરૂપાક્ષ મંદિરએ ભગવાન શિવના એક સ્વરૂપ ભગવાન વિરૂપાક્ષને સમર્પિત છે.
4. વિરૂપાક્ષ મંદિરનું નિર્માણ દેવરાય દ્વિતીયના શાસનકાળમાં કરવામાં આવ્યું હતું.

(A) 1, 2, 3, 4 (B) 2, 3, 4 (C) 1, 2, 4 (D) 1, 2, 3 (A)

12. નીચે આપેલા સાચાં વિધાનોની ચકાસણી કરો ?

1. તાજેતરમાં TIFAC દ્વારા 'સક્ષમ' નોકરી પોર્ટલ અને 'સમુદ્રી શેવાળ મિશન' લોન્ચ કરવામાં આવ્યું છે.
2. સક્ષમ પોર્ટલ વિવિધ કંપનીઓમાં મધ્યસ્થીઓ અને શ્રમિક કોન્ટ્રાકટરોને દૂર કરવામાં મદદરૂપ થશે.
3. 'શ્રમ શકિત પોર્ટલ' કેન્દ્રીય આદિજાતિ બાબતોના મંત્રાલય દ્વારા લોન્ચ કરવામાં આવે છે.
4. વિશ્વમાં સૌથી વધુ શેવાળનું ઉત્પાદન ચીનમાં કરવામાં આવે છે.

(A) 1, 2, 3 (B) 2, 3, 4 (C) 1, 2, 3, 4 (D) 1, 2, 4 (C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 'વિજ્ઞાન જ્યોતિ પ્રોગ્રામ'ના બીજા તબક્કાની શરૂઆત કરવામાં આવી

11 ફેબ્રુઆરી, 2021ના રોજ 'વિજ્ઞાન જ્યોતિ પ્રોગ્રામ'ના બીજા તબક્કાની શરૂઆત **વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ** દ્વારા કરવામાં આવી છે.

- 'વિજ્ઞાન જ્યોતિ પ્રોગ્રામ'ના બીજા તબક્કાની શરૂઆત **11 ફેબ્રુઆરી**ના રોજ ઉજવવામાં આવતા **'વિજ્ઞાનમાં મહિલાઓ અને છોકરીઓના યોગદાન અંગેના દિવસ'**ના અવસર પર કરવામાં આવી હતી.

### મુખ્ય બાબતો

'વિજ્ઞાન જ્યોતિ પ્રોગ્રામ' મહિલાઓને વિજ્ઞાનમાં રસ લેવા માટે પ્રોત્સાહિત કરે છે.

- આ કાર્યક્રમ મહિલાઓને **'સાયન્સ, ટેક્નોલોજી, એન્જિનિયરીંગ** અને **મેથેમેટિક્સ' (STEM)** જેવા ક્ષેત્રોમાં કારકિર્દી બનાવવા માટે પણ પ્રોત્સાહિત કરે છે.
- આ કાર્યક્રમના અમલીકરણના પાછલા એક વર્ષના અધ્યયન આધારે મહિલા સશક્તિરણ માટે દેશના વધુ જિલ્લાઓમાં તેનો વિસ્તાર કરવામાં આવશે. તેના અમલીકરણ દ્વારા દરેક ક્ષેત્રમાં મહિલાઓનું પ્રતિનિધિત્વ વધશે.
- આવી નીતિઓ **'ડેમોગ્રાફિક ડિવિડન્ડ'**નો શ્રેષ્ઠ ઉપયોગ કરવામા દેશને મદદરૂપ થશે. જેથી ટૂંકાગાળામાં વિજ્ઞાનમાં મહિલાઓનું નેતૃત્વ વધારવામાં મદદ મળશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### વિજ્ઞાન જ્યોતિ પ્રોગ્રામ વિશે

'વિજ્ઞાન જ્યોતિ પ્રોગ્રામ'એ એક નવી પહેલ છે જે મહિલાઓ અને છોકરીઓને વિજ્ઞાનમાં રસ લેવા અને આ ક્ષેત્રમાં કારકિર્દી બનાવવા માટે પ્રોત્સાહિત કરવાનો પ્રયત્ન કરે છે.

- **ડિસેમ્બર, 2019**માં **વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ (DST)** દ્વારા આ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી.
- STEM જેવા ક્ષેત્રોમાં મહિલાઓ તથા છોકરીઓને તેમની કારકિર્દી ઘડતરમાં આ પહેલ મદદરૂપ થઈ રહી છે.
- આ કાર્યક્રમ હાલમાં **50 જવાહર નવોદય વિદ્યાલય (JNV)**માં સફળતાપૂર્વક ચાલી રહયો છે.
- વર્ષ 2021-22માં આ કાર્યક્રમ અંતર્ગત વધારે 50 JNVનો સમાવેશ કરવામાં આવશે.

### ડેમોગ્રાફિક ડિવિડન્ડ વિશે

કોઈપણ દેશમાં કામ કરતા લોકોની સંખ્યા (15થી 65 વર્ષની ઉંમર ધરાવતા) તેમના પર આધારીત લોકોની સંખ્યા (15 વર્ષથી ઓછી ઉંમર અને 65 વર્ષથી વધુ વયના લોકો) કરતા વધારે હોય ત્યારે આર્થિક વિકાસમાં તે દેશને મદદ મળે છે. જેને ડેમોગ્રાફિક ડિવિડન્ડ (વસ્તી વિષયક લાભાંશ) કહે છે.

## SERB દ્વારા મહિલા એક્સલન્સ એવોર્ડ 2021ની જાહેરાત કરવામાં આવી

11 ફેબ્રુઆરી, 2021ના રોજ ઉજવવામાં આવતા **'વિજ્ઞાનમાં મહિલાઓ અને છોકરીઓના યોગદાન અંગેના દિવસ'**ના અવસર પર **SERB** દ્વારા મહિલા એક્સલન્સ એવોર્ડ 2021ની જાહેરાત કરવામાં આવી હતી.

- નેશનલ સાયન્સ એકેડમીની ચાર યુવા મહિલાઓને વિજ્ઞાન અને એન્જિનિયરીંગમાં તેમના ઉત્કૃષ્ટ પ્રદર્શન માટે આ એવોર્ડ આપી સન્માન કરવામાં આવ્યું હતું.
- આ એવોર્ડ અંતર્ગત વિજેતા મહિલાઓને **રૂ. 15 લાખની ગ્રાન્ટ** આપવામાં આવે છે.

### મહિલા એક્સલન્સ એવોર્ડ 2021 વિજેતા મહિલાઓની યાદી

SERB દ્વારા મહિલા એક્સલન્સ એવોર્ડ 2021 એવોર્ડ માટે પસંદ કરવામાં આવેલ મહિલા વૈજ્ઞાનિકોના નામ નીચે મુજબ છે :

1. **સુશ્રી શોભના કપૂર**
2. **સુશ્રી અંતરા બેનર્જી**
3. **સુશ્રી સોનુ ગાંધી**
4. **સુશ્રી રિતૂ ગુપ્તા**

1. **સુશ્રી શોભના કપૂર** : સુશ્રી શોભના કપૂર ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી બોમ્બેમાં સહાયક પ્રોફેસર તરીકે સેવા આપી રહયા છે.

- તેણી **કેમિકલ બાયોલોજી ક્ષેત્ર**માં કાર્યરત છે.
- તેણી 'હોસ્ટ-પેથોજેન ઈન્ટરેકશન એન્ડ મેમ્બ્રેન બાયોલોજી, કેમિકલ બાયોલોજી એન્ડ બાયોફિજિક્સ'માં નિષ્ણાંત છે.

2. **સુશ્રી અંતરા બેનર્જી** : સુશ્રી અંતરા બેનર્જી મુંબઈના નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ફોર રિસર્ચ ઈન રિપ્રોડક્ટિવ હેલ્થમાં વૈજ્ઞાનિક છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- તેણી સિગ્નલ ટ્રાન્સડક્શન, એન્ડોક્રિનોલોજી અને બાયોલોજી ઓફ રિપ્રોડક્શનમાં નિષ્ણાંત છે.

**ICE FACT :**

(1) એન્ડોક્રિનોલોજીમાં શરીરમાં ઉત્પન્ન થતા અંતઃસ્ત્રાવ અથવા હોર્મોન ઉત્પન્ન કરનારી ગ્રંથીઓનો અભ્યાસ કરવામાં આવે છે.

3. **સુશ્રી સોનુ ગાંધી :** સુશ્રી સોનુ ગાંધી નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ એનિમલ બાયોટેકનોલોજી, હૈદરાબાદના વૈજ્ઞાનિક છે.

- તેણી બાયોનેનોટેક્નોલોજી ક્ષેત્ર સાથે સંકળાયેલા છે જે નેનો સેન્સર, ડિઝાઈન અને લેબલ ફ્રી બાયોસેન્સરના નિર્માણ પર ધ્યાન કેન્દ્રીત કરે છે.

4. **સુશ્રી રિતૂ ગુપ્તા :** સુશ્રી રિતૂ ગુપ્તા રાજસ્થાનમાં આવેલી ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજી, જોધપુરમાં સહાયક પ્રોફેસર છે.

- તેણી નેનોટેકનોલોજી ક્ષેત્ર સાથે સંકળાયેલા છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## SERB એવોર્ડ વિશે

સાયન્સ એન્ડ એન્જિનિયરીંગ રિસર્ચ બોર્ડ (SERB) દ્વારા SERB વુમન એક્સલન્સ એવોર્ડ આપવામાં આવે છે.

- આ એવોર્ડની શરૂઆત વર્ષ 2013માં કરવામાં આવી હતી.
- તે વિજ્ઞાન અને એન્જિનિયરીંગના વિવિધ ક્ષેત્રોમાં સંશોધનોને પ્રોત્સાહન આપવા માટે આપવામાં આવે છે.
- આ એવોર્ડ 40 વર્ષથી ઓછી ઉંમરની મહિલા વૈજ્ઞાનિકોને તેના સંશોધનો માટે એકવાર આપવામાં આવે છે.

## સાયન્સ એન્ડ એન્જિનિયરીંગ રિસર્ચ બોર્ડ (SERB) વિશે

SERBએ વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ હેઠળ કાર્યરત એક વૈધાનિક સંસ્થા છે.

- તેની સ્થાપના SERB એક્ટ, 2008 અંતર્ગત વર્ષ 2009માં કરવામાં આવી હતી.
- તેની અધ્યક્ષતા વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગના કેન્દ્રીય સચિવ દ્વારા કરવામાં આવે છે.

- વિજ્ઞાન અને એન્જિનિયરીંગમાં પાયાના સંશોધનોને પ્રોત્સાહન આપવા માટે SERBની સ્થાપના કરવામાં આવી હતી.
- તે સંશોધન કરવા માટે વૈજ્ઞાનિકો, શૈક્ષણિક સંસ્થાઓ, સંશોધન અને વિકાસ પ્રયોગશાળાઓ વગેરેને પણ નાણાકીય સહાય પૂરી પાડે છે.

## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની તમિલનાડુ અને કેરળની મુલાકાત

14 ફેબ્રુઆરી, 2021ના રોજ શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તમિલનાડુ અને કેરળની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તેઓએ બંને રાજ્યોમાં કેટલાંક મહત્ત્વનાં પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કર્યું હતું જે નીચે મુજબ છે :

(1) વડાપ્રધાનશ્રીએ તમિલનાડુ ખાતે 9 કિ.મી. લંબાઈના ચેન્નાઈ મેટ્રોરેલ ફેઝ-Iના વિસ્તરણનું ઉદ્ઘાટન કર્યું હતું. 3,770 કરોડના ખર્ચે તાજેતરમાં તેને પૂર્ણ કરવામાં આવ્યું છે. તે ઉત્તર ચેન્નાઈને એરપોર્ટ અને મધ્ય રેલવે સ્ટેશન સાથે જોડશે.

(2) ચેન્નાઈ બીચ અને એટ્ટીપટ્ટુ વચ્ચે 22.1 કિ.મી.ની ચોથી રેલવે લાઈનનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રોજેક્ટની કિંમત રૂ. 293 કરોડથી વધુ છે.

(3) કેરળમાં BPCL ખાતે <u>પ્રોપિલિન ડેરિવેટીવ પેટ્રોકેમીકલ પ્રોજેક્ટ (PDPP)</u>નું ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. તેમાં એક્રિલિક એસિડ, એક્રાયલેટ્સ અને ઓકસો–આલ્કોહોલનું નિર્માણ કરવામાં આવશે.

(4) કેરળના કોચિનમાં આવેલા વિલિંગ્ડન આઈસલેન્ડ ખાતે રો–રો વેસલ્સનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

(5) <u>કોચિન બંદર</u> પર આંતરરાષ્ટ્રીય ક્રુઝ ટર્મિનલ <u>'સાગરિકા'</u>નું ઉદ્ઘાટન પણ કરવામાં આવ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

1. 'વિજ્ઞાન જ્યોતિ પ્રોગ્રામ' વિશે સાચા વિધાનોની ચકાસણી કરો ?
   1. વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ દ્વારા તાજેતરમાં આ પ્રોગ્રામના બીજા તબક્કાની શરૂઆત કરવામાં આવી.
   2. આ કાર્યક્રમ મહિલાઓને STEM જેવાં ક્ષેત્રોમાં કારકિર્દી બનાવવા માટે પ્રોત્સાહિત કરે છે.
   3. આ કાર્યક્રમની શરૂઆત ડિસેમ્બર, 2019માં કરવામાં આવી હતી.
   4. આ પ્રોગ્રામ ડેમોગ્રાફિક ડિવિડન્ડનો શ્રેષ્ઠ ઉપયોગ કરવા માટે દેશને મદદરૂપ થશે.

   (A) 1, 2, 3, 4 (B) 1, 2, 4 (C) 1, 2, 3 (D) 2, 3, 4 **(A)**

2. SERB દ્વારા મહિલા એકસલન્સ એવોર્ડ 2021ની જાહેરાત તાજેતરમાં કરવામાં આવી છે, નીચેના પૈકી કોને આ એવોર્ડ મળ્યો નથી ?

   (A) સુશ્રી શોભના કપૂર (B) સુશ્રી અંતરા બેનર્જી
   (C) સુશ્રી સોનુ ગાંધી (D) સુશ્રી શોભના શર્મા **(D)**

3. નીચેના પૈકી ખોટાં વિધાનની પસંદગી કરો ?

   (A) મહિલા એકસલન્સ એવોર્ડ વિજેતા મહિલાઓને રૂ. 15 લાખની ગ્રાન્ટ આપવામાં આવે છે.
   (B) એન્ડોક્રિનોલોજીમાં શરીરમાં ઉત્પન્ન થતાં અંતઃસ્ત્રાવ અથવા હોર્મોન ઉત્પન્ન કરનારી ગ્રંથીઓનો અભ્યાસ કરવામાં આવે છે.
   (C) મહિલા એકસલન્સ એવોર્ડ 40 વર્ષથી ઓછી ઉંમરની મહિલા વૈજ્ઞાનિકોને આપવામાં આવે છે.
   (D) સાયન્સ એન્ડ એન્જિનિયરીંગ રિસર્ચ બોર્ડ (SERB)એ એક બિન–વૈધાનિક સંસ્થા છે. **(D)**

4. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તાજેતરમાં કયા બંદર પર આંતરરાષ્ટ્રીય ક્રુઝ ટર્મિનલ 'સાગરિકા'નું ઉદ્ઘાટન કર્યું હતું ?

   (A) કોચિન બંદર (B) વિશાખાપટ્ટનમ બંદર
   (C) મામુગોઆ (D) તુતીકોરીન **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ગુજરાતમાં તૈયાર થયેલી 100મી K-9 વજ ટેન્કને ચીફ ઓફ આર્મી સ્ટાફ દ્વારા લીલીઝંડી આપવામાં આવી

'મેક ઈન ઈન્ડિયા'ના વિઝન હેઠળ એલ એન્ડ ટી કંપનીના હજીરા પ્લાન્ટમાં 100મી K-9 વજ ટેન્ક તૈયાર કરવામાં આવી છે. આ ટેન્કને ભારતના ચીફ ઓફ આર્મી સ્ટાફ શ્રી એમ. એમ. નરવાણેએ લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું છે.

- તાજેતરમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ 91મી વજ ટેન્કને લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. તેમજ 51મી વજ ટેન્કને કેન્દ્રીય સંરક્ષણ પ્રધાન શ્રી રાજનાથ સિંહે લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું.

### K-9 વજ ટેન્કના નિર્માણ માટે L & T સાથેની ડીલ

ભારત સરકારના સંરક્ષણ મંત્રાલય દ્વારા રૂ. 4,500 કરોડના ખર્ચે 100 K-9 વજ ટેન્કના નિર્માણ માટેનો કોન્ટ્રાક્ટ L & Tને આપવામાં આવ્યો હતો.

- 'મેક ઈન ઈન્ડિયા' પ્રોજેક્ટ અંતર્ગત ભારતની પ્રાઈવેટ સેક્ટરની કંપનીને અપાયેલો આ સૌથી મોટો પ્રથમ ડિફેન્સ કોન્ટ્રાક્ટ હોવાનું કહેવાય છે.
- આ ડીલ અનુસાર દક્ષિણ કોરિયાની 'K9 Thunder' નામની ટેન્કની તર્જ પર ભારતની પ્રાઈવેટ સેક્ટરની કંપની L&T દ્વારા ભારતમાં જ 100 K-9 વજ ટેન્કનું નિર્માણ કરવામાં આવ્યું છે.
- આ માટે દક્ષિણ કોરિયાની Hanwha Corporation નામની કંપની દ્વારા K-9 વજ ટેન્કના નિર્માણ માટેની ટેકનોલોજી L & Tને હસ્તાંતરિત કરવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### K-9 વજ હોવિત્ઝર ટેન્કની વિશેષતાઓ

K-9 વજ હોવિત્ઝર ટેન્કની મુખ્ય વિશેષતાઓ આ પ્રમાણે છે :

(1) K-9 વજ ટેન્કએ સ્વદેશી બનાવટની ઓટોમેટિક હોવિત્ઝર ટેન્ક છે. 'મેક ઈન ઈન્ડિયા' પ્રોજેક્ટ હેઠળ L & T દ્વારા તેનું નિર્માણ કરવામાં આવ્યું છે. ભારતની ખાનગી કંપની દ્વારા તૈયાર થયેલી આ ભારતની પ્રથમ ટેન્ક છે.

(2) 50 ટન વજન ધરાવતી આ ટેન્ક પ્રતિ કલાક 65 થી 70 કિ.મી.ની ઝડપથી દોડી શકે છે. તથા કોઈપણ ઝડપે શૂન્ય રેડિયસમાં (એટલે કે વધારાની જગ્યા વિના) 360 ડિગ્રી ટર્ન લઈ શકે છે.

(3) તે 1 મિનિટમાં 47 કિલોગ્રામના એક એવા આશરે 6 સેલ ફાયર કરી શકે છે. માત્ર ત્રણ મિનિટમાં આશરે 16થી 18 સેલ ફાયર કરવાની તેની ક્ષમતા છે. આ ઉપરાંત આ રીતે ફાયર થયેલા ગોળાને તેના મૂળ લક્ષ્યથી 10 મીટર સુધી વાળી શકાય તેવી ટેકનોલોજી પણ તેમાં છે.

(4) આ ઓટોમેટિક ટેન્ક આશરે 43 કિલોમીટરનું લક્ષ્ય સચોટ રીતે ભેદી શકે છે.

(5) આ ટેન્કને સામાન્ય રીતે જમીન ઉપરાંત રણપ્રદેશ અને દુર્ગમ પર્વતીય વિસ્તારમાં પણ ઓપરેટ કરી શકાશે. આ ઉપરાંત શિપમાં ગોઠવીને પાણીમાં પણ તેનો ઉપયોગ કરી શકાશે.

## કેન્દ્રીય કૌશલ વિકાસ અને ઉદ્યમ મંત્રાલયે ભારતના તમામ જિલ્લાઓમાં મહાત્મા ગાંધી નેશનલ ફેલોશિપ પ્રોગ્રામનું અમલીકરણ શરૂ કર્યું

તાજેતરમાં કેન્દ્રીય કૌશલ વિકાસ અને ઉદ્યમ મંત્રાલયે 'મહાત્મા ગાંધી નેશનલ ફેલોશિપ પ્રોગ્રામ'નું અમલીકરણ ભારતના તમામ જિલ્લાઓમાં શરૂ કર્યું છે. જે અગાઉ ફક્ત 69 જિલ્લાઓમાં થતું હતું.

- મહાત્મા ગાંધી નેશનલ ફેલોશિપ પ્રોગ્રામ અંતર્ગત ફેલો(સંશોધન સાથે સંકળાયેલા વિદ્યાર્થીઓ) શૈક્ષણિક કુશળતા અને તકનીકી કુશળતા પ્રાપ્ત કરે છે.
- આ કાર્યક્રમ ફેલોને જિલ્લા કૌશલ સમિતિઓ સાથે જોડવા માટે પણ મદદ કરશે.
- SANKALP યોજના પણ જિલ્લા સશક્તિકરણમાં મદદરૂપ થતી યોજના છે.

® ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### SANKALP સ્કિમ વિશે

SANKALP યોજનાએ 'Skills Acquisition and knowledge Awareness for Livelihood Promotion' માટેની છે.

- આ પ્રોગ્રામને વિશ્વબેંકની લોન દ્વારા સહાય કરવામાં આવે છે.
- આ યોજના જિલ્લા કૌશલ્ય વહીવટ અને જિલ્લા કૌશલ સમિતિઓને મજબૂત બનાવવાના ઉદ્દેશથી શરૂ કરવામાં આવી હતી.

### મહાત્મા ગાંધી નેશનલ ફેલોશિપ (MGNF) પ્રોગ્રામ વિશે

MGNFએ બે વર્ષનો ફેલોશિપ પ્રોગ્રામ છે.

- જિલ્લાકક્ષાએ કૌશલ્ય વિકાસને વેગ આપવાના ઉદ્દેશથી તેની શરૂઆત કરવામાં આવી હતી.

- તેને SANKALP યોજના અતંર્ગત ડિઝાઈન કરવામાં આવેલ છે.
- જિલ્લા, રાજ્ય અને રાષ્ટ્રીય સ્તર પર કાર્યક્રમને લાગુ કરવા માટે કર્મચારીઓની અનુપલબ્ધતાને પૂર્ણ કરવા માટેના ઉદ્દેશથી આ યોજના શરૂ કરવામાં આવી હતી.
- આ પ્રોગ્રામ હેઠળ **નામ નોંધાવવા** માટે ફેલોની ઉંમર **21 થી 30 વર્ષ**ની વચ્ચે હોવી જોઈએ.

## શ્રી થિયોડોર બાસ્કરને 'સેન્ક્ચ્યુરી લાઈફટાઈમ સર્વિસ એવોર્ડ 2020' જીત્યો

શ્રી એસ. થિયોડોર બાસ્કરન એ **લેખક**, **ઈતિહાસકાર** અને **પ્રકૃતિવિદ** છે જેઓએ તાજેતરમાં સેન્ક્ચ્યુરી લાઈફટાઈમ સર્વિસ એવોર્ડ 2020 મેળવ્યો છે.

- આ એવોર્ડ **સેન્કચ્યુરી નેચર ફાઉન્ડેશન** દ્વારા શરૂ કરવામાં આવ્યો હતો.
- **વન્યપ્રાણી સંરક્ષણ** પ્રત્યેના સમર્પણના કારણે શ્રી થિયોડોર બાસ્કરનની આ એવોર્ડ માટે પસંદગી કરવામાં આવી છે.
- તેઓએ અંગ્રેજી તથા તમિલભાષામાં વન્યપ્રાણી સંરક્ષણ સંદર્ભે ઘણા લેખો લખ્યા છે તથા પ્રવચનો પણ આપ્યાં છે. સાથે સાથે પ્રકૃતિપ્રત્યે સંવેદના પ્રગટાવવા તેમજ યુવાનોને પ્રોત્સાહીત કરવાના તેમના પ્રયત્નોને કારણે આ એવોર્ડ તેમને એનાયત થયો છે.

### શ્રી થિયોડોર બાસ્કરન વિશે

તેઓનો જન્મ વર્ષ 1940માં **તમિલનાડુ**માં થયો હતો.

- તેઓ ભારતીય ફિલ્મ ઈતિહાસકાર અને વન્યપ્રાણી સંરક્ષણ વાદી છે.
- તેઓએ તમિલનાડુ રાજ્ય આર્કાઈવ્ઝમાં સંશોધનકાર તરીકે કાર્ય કર્યુ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

1. તાજેતરમાં ગુજરાતમાં તૈયાર કરવામાં આવેલી 100મી K-9 વજ્ર ટેન્કને કોના દ્વારા લીલીઝંડી આપવામાં આવી છે ?

(A) શ્રી એમ. એમ. નરવાણે
(B) શ્રી બી. એસ. ભદૌરિયા
(C) શ્રી બિપિન રાવત
(D) શ્રી રાજનાથસિંહ

(A)

2. K-9 વજ્ર ટેન્કને ગુજરાતમાં કયા સ્થળે તૈયાર કરવામાં આવી રહી હતી ?

(A) દહેજ (B) હજીરા (C) અંકલેશ્વર (D) મુન્દ્રા

(B)

3. K-9 વજ્ર ટેન્ક બાબતે નીચેના પૈકી સાચા વિધાન/વિધાનો ચકાસો ?

1. સંરક્ષણ મંત્રાલય દ્વારા 100 K-9 વજ્ર ટેન્ક નિર્માણ માટેનો કોન્ટ્રાક્ટ L& Tને આપવામાં આવ્યો હતો.
2. દક્ષિણ કોરિયાની Hanwha Corporation નામની કંપની દ્વારા K-9 વજ્ર ટેન્કના નિર્માણ માટેની ટેકનોલોજી L&Tને હસ્તાંતરિત કરવામાં આવી છે.
3. K-9 વજ્ર ટેન્કએ સ્વદેશી બનાવટની ઓટોમેટિક હોવિત્ઝર ટેન્ક છે.
4. તે શૂન્ય રેડિયસમાં 360 ડિગ્રી ટર્ન લઈ શકે છે.

(A) 1, 2, 3 (B) 2, 3, 4 (C) 1, 2, 3, 4 (D) 1, 2, 4

(C)

4. તાજેતરમાં કયા મંત્રાલયે ભારતના તમામ જિલ્લાઓમાં મહાત્મા ગાંધી નેશનલ ફેલોશિપ પ્રોગ્રામનું અમલીકરણ શરૂ કર્યું છે ?

(A) વિજ્ઞાન અને ટેક્નોલોજી
(B) કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય
(C) કેન્દ્રીય કૌશલ વિકાસ અને ઉદ્યમ મંત્રાલય
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

(C)

5. તાજેતરમાં કોને સેન્કચ્યુરી નેચર ફાઉન્ડેશન દ્વારા 'સેન્કચ્યુરી લાઈફટાઈમ સર્વિસ એવોર્ડ 2020' એનાયત કરવામાં આવ્યો છે ?

(A) શ્રી થિયોડોર બાર્કલે
(B) શ્રી થિયોડોર બાસ્કરન
(C) શ્રી રવિચંદ્રન બાર્કલે
(D) શ્રી રવિચંદ્રન ભાસ્કર

(B)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 20 ફેબ્રુઆરી, વિશ્વ સામાજિક ન્યાય દિવસ (World Day of Social Justice)

'વિશ્વ સામાજિકન્યાય દિવસ'એ સમાજમાં રહેલા ગરીબી, બેરોજગારી, અસુરક્ષા, અસમાનતા જેવા મુદ્દાઓને હલ કરવાના પ્રયત્નોને પ્રોત્સાહિત કરવા માટે ઉજવવામાં આવે છે.

- 'વિશ્વ સામાજિકન્યાય દિવસ' **2021**ની **થીમ** **'A Call for Social Justice in the Digital Economy'** છે.

## નાસાના પર્સેવરન્સ રોવરનું મંગળ પર સફળતાપૂર્વક ઉતરાણ



18 ફેબ્રુઆરી, 2021ના રોજ પર્સેવરન્સ રોવરે મંગળની સપાટી ઉપર સફળતાપૂર્વક ઉતરાણ કર્યું હતું.

- નાસાનાં રોવર **'પર્સેવરન્સ'** દ્વારા મંગળની ધરતી પર આવેલા **ક્રેટર જજિરો** ખાતે સફળતાપૂર્વક ઉત્તરાણ કરવામાં આવ્યું હતું.
- પર્સેવરન્સ રોવર ત્યાં **પાણી** અને **જીવનની શક્યતા** તપાસવાની કામગીરી હાથ ધરશે.
- આ રોવરએ અત્યંત અદ્યતન એસ્ટ્રોબાયોલોજી પ્રયોગશાળા છે જે આજ સુધી પ્રથમવાર કોઈ બીજા ગ્રહ પર મોકલવામાં આવેલ છે.

INSTITUTE FOR CO

### પર્સેવરન્સ રોવર લેન્ડિંગના સંપૂર્ણ મિશનનું નેતૃત્વ ભારતીય મૂળના સુશ્રી સ્વાતિ મોહને સંભાળ્યું

નાસાના પર્સેવરન્સ રોવરની 203 દિવસની સફર પછી છેલ્લી 7 મિનિટમાં તેની ઝડપને શૂન્ય પર લાવી મંગળની સપાટી પર સફળ ઉતરાણ કરાવવા પાછળ મૂળ **ભારતીય** અમેરિકન વૈજ્ઞાનિક **સુશ્રી સ્વાતિ મોહન** કામ કરી રહયા હતા.

- તેઓએ આ મિશનના કન્ટ્રોલ અને નેવિગેશનની કામગીરી સફળતાથી અદા કરી હતી.

## નાસાનું મંગળ 2020 મિશન

તે નાસાના માર્સ એક્સપ્લોરેશન પ્રોગ્રામ દ્વારા નિર્મિત માર્સ રોવર છે.

- તેમાં પર્સેવરન્સ રોવર અને એક ઈન્જેન્યૂટી (Ingenuity) હેલિકોપ્ટર ડ્રોનનો સમાવેશ થાય છે.
- આ મિશનને 30 જુલાઈ, 2020ના રોજ **એટલાસ V 541 લોન્ચ વિહિકલ**ની મદદથી લોન્ચ કરવામાં આવ્યું હતું.
- આ મિશન અંગેની જાહેરાત નાસા દ્વારા ડિસેમ્બર 2012માં સાન ફ્રાન્સિસ્કો ખાતેની અમેરિકન જિયોફિઝીકલ યુનિયનની બેઠક દરમિયાન કરવામાં આવી હતી.

## પર્સેવરન્સ રોવર વિશે

પર્સેવરન્સ રોવર મંગળ ગ્રહ ઉપર એસ્ટ્રોબાયોલોજિકલ સંબંધિત પ્રાચીન વાતાવરણનું અવલોકન કરશે.

- તે મંગળની સપાટી પરની ભૌગોલિક પ્રક્રિયાઓ અને ઈતિહાસની દેખરેખ પણ રાખશે.
- આ રોવરની ડિઝાઈન 'ક્યુરિયોસિટી' રોવર પરથી પ્રભાવિત છે.
- તે નાસાની ચોથી પેઢીનું પાંચમું માર્સ રોવર છે.
- આ રોવર અગાઉના રોવરથી અલગ છે કારણ કે તે ખડકો અને જમીનને ડ્રીલ કરવામાં પણ સક્ષમ છે.
- પર્સેવરન્સ રોવરે મંગળના **ક્રેટર જજિરો** ખાતે ઉતરાણ કર્યું હતું. અબજો વર્ષ પહેલાં આ ક્રેટર જજિરોમાં પાણી હોવાનું માનવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## કેન્દ્ર સરકારે એક નવી મેસેજિંગ એપ 'સંદેશ' લોન્ચ કરી

**નેશનલ ઈન્ફોર્મેટિક્સ સેન્ટર (NIC)** દ્વારા તાજેતરમાં વોટ્સએપ જેવું જ ઈન્સ્ટન્ટ મેસેજિંગ પ્લેટફોર્મ શરૂ કરવામાં આવ્યું છે. જેનું નામ **'સંદેશ'** રાખવામાં આવ્યું છે.

- તેનો ઉપયોગ કોઈપણ વ્યક્તિ દ્વારા સંચાર માટે થઈ શકે છે.
- આ એપ્લિકેશનમાં નોંધણી માટે મોબાઈલ નંબર અથવા ઈ–મેઈલ આઈડીની જરૂર પડે છે.
- સંદેશ નામની ઈન્સ્ટન્ટ મેસેજિંગ એપ કેન્દ્ર સરકારે **સુરક્ષિત સંચાર** માટે લોન્ચ કરી છે.
- આ એપ્લિકેશનનું **પ્રથમ સંસ્કરણ** કેન્દ્ર સરકારે **ઓગસ્ટ 2020**માં લોન્ચ કર્યું હતું.
- આ એપ્લિકેશન **એન્ડ્રોઈડ** તથા **IOS** પ્લેટફોર્મ પર ઉપલબ્ધ છે.

## નેશનલ ઈન્ફોર્મેટિક્સ સેન્ટર (NIC) વિશે

નેશનલ ઈન્ફોર્મેટિક્સ સેન્ટર (NIC) એ મિનિસ્ટ્રી ઓફ ઈલેક્ટ્રોનિક્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેક્નોલોજી (MeiTY) અંતર્ગત કાર્યરત છે. NICની રચના વર્ષ 1976માં કરવામાં આવી હતી.

- તેનું મુખ્યમથક નવી દિલ્હી ખાતે આવેલું છે.
- NICએ સરકારી આઈ.ટી. સેવાઓ અને 'ડિજિટલ ઈન્ડિયા' અંતર્ગતની વિવિધ પહેલો માટે માળખાગત સુવિધા પૂરી પાડે છે.




## SATURDAY Questions

1. 'વિશ્વ સામાજિક ન્યાયા દિવસ'ની ઉજવણી દર વર્ષે કયારે કરવામાં આવે છે ?

(A) 20 ફેબ્રુઆરી (B) 21 ફેબ્રુઆરી (C) 22 ફેબ્રુઆરી (D) 19 ફેબ્રુઆરી

(A)

2. વિશ્વ સામાજિક ન્યાય દિવસ 2021ની થીમ જણાવો ?

(A) A call for social Empowerment in the digital economy

(B) A call for social Justice in the Digital Economy

(C) Social Empowerment

(D) Social Justice

(B)

3. નાસાના પર્સેવરન્સ રોવર વિશે સાચા વિધાનોની ચકાસણી કરો ?

1. પર્સેવરન્સ રોવર દ્વારા મંગળની ધરતી પર આવેલા ક્રેટર જજિરો ખાતે સફળતાપૂર્વક ઉપરાણ કરવામાં આવ્યું હતું.

2. પર્સેવરન્સ રોવર મંગળ પર પાણી અને જીવનની શક્યતા તપાસવાની કામગીરી હાથ ધરશે.

3. પર્સેવરન્સ રોવરના લેન્ડિંગ મિશનનું કાર્ય ભારતીય અમેરિકન વૈજ્ઞાનિક સુશ્રી સ્વાતિ મોહન દ્વારા કરવામાં આવ્યું હતું.

4. નાસાના મંગળ મિશન 2020ને એટલાસ V 541 લોન્ચ વિહિકલની મદદથી લોન્ચ કરવામાં આવ્યું હતું.

(A) 1, 2, 3 (B) 1, 2, 4 (C) 1, 2, 3, 4 (D) 2, 3, 4

(C)

4. કેન્દ્ર સરકારે તાજેતરમાં વોટ્સએપ જેવી કઈ મોબાઈલ એપ્લિકેશન લોન્ચ કરી હતી ?

(A) સ્માર્ટચેટ (B) ચેટએપ

(C) સંદેશ (D) એકપણ નહીં

(C)

5. નેશનલ ઈન્ફોર્મેટિક્સ સેન્ટર (NIC)નું મુખ્યમથક કયા આવેલું છે ?

(A) બેંગાલુરુ (B) મુંબઈ (C) નવી દિલ્હી (D) શિમલા

(C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ગુજરાત

➤ **સ્ટેચ્યૂ ઓફ યુનિટી કેવડિયા ખાતે ડોમેસ્ટિક ટૂર ઓપરેટરોના સંમેલનનું આયોજન**

સ્ટેચ્યૂ ઓફ યુનિટી કેવડિયામાં **એસોસિએશન ઓફ ડોમેસ્ટિક ટૂર ઓપરેટર્સ ઓફ ઈન્ડિયા (ADTOI)**ના ત્રણ દિવસના સંમેલનનું આયોજન થયુ હતું. વર્ષ 2021માં કેવડિયા ખાતે યોજાયેલું આ **ADTOIનું 10મું સંમેલન** હતું. આ દરમિયાન કેન્દ્રીય પ્રવાસન મંત્રાલયે ટૂર ઓપરેટર્સ અને ટૂરિઝમ સર્વિસ સાથે જોડાયેલા બિઝનેસ હાઉસ અને સ્ટાર્ટઅપ માટે અમુક ગાઈડલાઈન જાહેર કરી હતી.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે 562 રજવાડાઓના યોગદાન માટે મ્યુઝિયમ બનાવવા ગુજરાત સરકારે સમિતિની રચના કરી**

સ્ટેચ્યૂ ઓફ યુનિટી કેવડિયા ખાતે 562 રજવાડાઓના યોગદાનને દર્શાવતુ સંગ્રહાલય બનાવવા માટે ગુજરાત સરકારે નિર્ણય લીધા બાદ સમિતિની રચના કરી છે. રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગના નાયબ સચિવ શ્રી એમ. એચ. ખુમારની સહીથી આ ઠરાવ પસાર કરવામાં આવ્યો છે. આ સમિતિમાં પૂર્વ અધિક મુખ્ય સચિવ અને વલાસણા સ્ટેટના રાજ પરિવારમાંથી શ્રી એસ. એસ. રાઠોડ, રાજકોટના પૂર્વ રાજપરિવારમાંથી શ્રી માંધાતાસિંહ, જયપુર સ્ટેટના સુશ્રી દિયા કુમારી, જોધપુરના મેહરાનગઢના મ્યુઝિયમ ટ્રસ્ટના નિયામક શ્રી કરણીસિંઘ જસોલ, હાર્વર્ડ યુનિવર્સિટીના પ્રોફેસર અને ધ્રાંગધ્રા સ્ટેટના ડો. અંગમા ઝાલાનો સભ્ય તરીકે સમાવેશ કરવામાં આવ્યો છે. જ્યારે પુરાતત્વ અને સંગ્રહાલય નિયામક ડો. પંકજ શર્માની સભ્ય સચિવ તરીકે નિમણૂક કરવામાં આવી છે.

➤ **સ્વચ્છ સરકારી કચેરી તરીકેનો પ્રથમ રેન્ક અમદાવાદના લાંચ રૂશ્વત વિરોધી દળને મળ્યો**

સ્વચ્છ સર્વેક્ષણ દેશના વિવિધ શહેરો તથા નગરોમાં સ્વચ્છતાના ઉચ્ચ મૂલ્યો અંગે કરવામાં આવતું વાર્ષિક સર્વેક્ષણ છે જેની શરૂઆત સ્વચ્છ ભારત અભિયાનના ભાગરૂપે કરાઈ હતી. ક્વોલિટી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા કરાતા આ સર્વેમાં વર્ષ 2020 માટે કુલ 4,242 શહેરોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જે અંતર્ગત અમદાવાદ કેન્ટોનમેન્ટ બોર્ડ દ્વારા સ્વચ્છ સરકારી કચેરી તરીકેનો પ્રથમ રેન્ક અમદાવાદના લાંચ રૂશ્વત વિરોધી દળ (ACB)ને મળ્યો હતો.

## ભારત

➤ **ફેમિલી પેન્શનની મહત્તમ મર્યાદા મહિને રૂ. 45,000થી વધારીને રૂ. 1.25 લાખ કરવામાં આવી**

મૃત્યુ પામેલા સરકારી કર્મચારીઓના પરિવારનું જીવન સરળ બનાવવા માટે કેન્દ્ર સરકારનાં <u>ડિપાર્ટમેન્ટ ઓફ પેન્શન એન્ડ પેન્શનર્સ વેલ્ફેર (DOPPW)</u> દ્વારા ફેમિલી પેન્શનની માસિક મહત્તમ મર્યાદા <u>રૂ. 45,000 થી વધારીને રૂ. 1.25 લાખ</u> કરવામાં આવી છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS



## ભારત

➤ **કોર્પોરેટ એકસેલન્સ માટે ઈકોનોમિક ટાઈમ્સ એવોર્ડની જાહેરાત**

કોર્પોરેટ એકસલન્સ માટેના વિવિધ ઈકોનોમિક ટાઈમ્સ એવોર્ડની જાહેરાત 8 ફેબ્રુઆરી, 2021ના રોજ કરવામાં આવી હતી. જે નીચે મુજબ છે :

| ક્રમ | વિવિધ એવોર્ડ શ્રેણી | એવોર્ડ વિજેતા/વિજેતાઓ |
|---|---|---|
| 1. | લાઈફ ટાઈમ અચિવમેન્ટ એવોર્ડ | શ્રી આદિત્ય પુરી (HDFC બેંકના ભૂતપૂર્વ MD) |
| 2. | બિઝનેસવુમન ઓફ ધ યર એવોર્ડ | સુશ્રી પૃથા રેડ્ડી (એપોલો હોસ્પિટલના વાઈસ–ચેરપર્સન) અને સુશ્રી સુનીતા રેડ્ડી (એપોલો હોસ્પિટલના MD) |
| 3. | ઈમર્જિંગ કંપની ઓફ ધ યર એવોર્ડ | ICICI લોમ્બાર્ડ જનરલ ઈન્શ્યોરન્સ |
| 4. | બિઝનેસ રિફોર્મર ઓફ ધ યર એવોર્ડ | શ્રી શક્તિકાંત દાસ (RBI ગવર્નર) |
| 5. | કોર્પોરેટ સિટીઝન ઓફ ધ યર એવોર્ડ | ટાટા કન્સલ્ટન્સી સર્વિસીઝ (TCS) |
| 6. | ગ્લોબલ ઈન્ડિયન એવોર્ડ | શ્રી પિયૂશ ગુપ્તા (DBS ગ્રૂપના CEO) |
| 7. | એન્ટરપ્રિન્યોર ઓફ ધ યર એવોર્ડ | શ્રી આદર પૂનાવાલા (સિરમ ઈન્સ્ટિટયૂટ ઓફ ઈન્ડિયાના CEO) |
| 8. | બિઝનેસ લીડર ઓફ ધ યર એવોર્ડ | શ્રી પવન મુંઝાલ (હીરો મોટોકોર્પના ચેરમેન) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **કેન્દ્ર સરકારે આકાશવાણી સંગીત સમારોહનું નામ ભારતરત્ન પંડિત ભીમસેન જોશીના નામ પર રાખ્યું**

કેન્દ્રીય માહિતી અને પ્રસારણ પ્રધાન શ્રી પ્રકાશ જાવડેકરે પૂણેમાં પંડિત ભીમસેન જોશી શતાબ્દી સ્મારક સમારોહમાં આકાશવાણી સંગીત સમારોહનું નામ બદલવાની જાહેરાત કરી છે. હવેથી આકાશવાણી સંગીત સમારોહ 'પંડિત ભીમસેન જોશી આકાશવાણી સંગીત સંમેલન' તરીકે ઓળખવામાં આવશે.

➤ **રાજસ્થાન રાજ્ય સરકારે રાજસ્થાનને ભિક્ષુકમુક્ત બનાવવા અને ભિક્ષુક પુનર્વસન માટે એક અભિયાન શરૂ કર્યું**

આ અભિયાનની શરૂઆત રાજસ્થાન રાજ્ય સરકાર દ્વારા જયપુર ખાતેથી કરવામાં આવી છે. આ અભિયાન અંતર્ગત ભિક્ષુકોને કુશળતા પૂરી પાડવા માટે 'કૌશલ વર્ધન કેન્દ્ર'નું ઉદ્‌ઘાટન પણ કરવામાં આવેલ છે. રાજસ્થાન રાજ્ય સરકાર ભિક્ષુકોને રોજ રૂ. 215ની નાણાકીય સહાય પણ પૂરી પાડશે.

➤ **કર્ણાટક ડિજીટલ ઈકોનોમી મિશન ઓફીસ લોન્ચ કરવામાં આવી**

ગ્રોસ સ્ટેટ ડોમેસ્ટિક પ્રોડક્ટ (GSDP)માં ડિજીટલ અર્થતંત્રનું યોગદાન 30% સુધી વધારવા માટે કર્ણાટક રાજ્ય દ્વારા કર્ણાટક ડિજીટલ ઈકોનોમી મિશન (KDEM) ઓફીસની શરૂઆત કરવામાં આવી છે.

➤ **ઓડિશામાં ભારતના સૌથી મોટા હોકી સ્ટેડિયમનું ભૂમિપૂજન ઓડિશાના મુખ્યપ્રધાન શ્રી નવિન પટનાયકના હસ્તે કરવામાં આવ્યું**

'સ્ટીલ સિટી' તરીકે ઓળખાતા ઓડિશાના રૂરકેલામાં દેશના સૌથી મોટા હોકી સ્ટેડિયમનું તાજેતરમાં ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. આ સ્ટેડિયમને વિખ્યાત સ્વતંત્રતા સેનાની બિરસા મુંડાનું નામ અપાયું છે. આ સ્ટેડિયમમાં વર્ષ 2023માં પુરૂષ હોકી વર્લ્ડકપ રમાશે. 20 હજાર પ્રેક્ષકોની ક્ષમતા ધરાવતું સ્ટેડિયમ બિજુ પટનાયક યુનિવર્સિટી ઓફ ટેકનોલોજીના કેમ્પસમાં બનશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **નેશનલ ઈ-ગવર્નન્સ પ્લાન ઈન એગ્રીકલ્ચર (NeGPA) યોજનાને 31 માર્ચ, 2021 સુધી વિસ્તૃત કરવામાં આવી**

નેશનલ ઈ–ગવર્નન્સ પ્લાન ઈન એગ્રીકલ્ચર (NeGPA) એ એક કેન્દ્ર પુરસ્કૃત યોજના છે. આ યોજના શરૂઆતમાં 7 રાજ્યોમાં વર્ષ 2010-11માં શરૂ કરવામાં આવી હતી. તાજેતરમાં આ યોજના 31 માર્ચ, 2021 સુધી વિસ્તૃત કરવામાં આવી છે. ઈન્ફર્મેશન એન્ડ કમ્યુનિકેશન ટેકનોલોજી (ICT)નો ઉપયોગ કરીને ભારતમાં કૃષિનો ઝડપી વિકાસ પ્રાપ્ત કરવાના ઉદ્દેશથી આ યોજના શરૂ કરવામાં આવી હતી.

➢ **લોકસભામાં લવાદ અને સમાધાન (સુધારા) બિલ, 2021 પસાર કરવામાં આવ્યું**

12 ફેબ્રુઆરી, 2021ના રોજ લોકસભામાં લવાદ અને સમાધાન (સુધારા) બિલ, 2021ને અવાજ મતથી પસાર કરવામાં આવ્યું હતું. લવાદ અને સમાધાન (સુધારા) બિલ, 2021 સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય લવાદ સાથે વ્યવહાર કરશે. તેના અંતર્ગત સમાધાનની કાર્યવાહી કરવા માટે કાયદાને પણ વ્યાખ્યાયિત કરવામાં આવ્યો છે. આ બિલ અંતર્ગત **લવાદ અને સમાધાન અધિનિયમ, 1996**માં સુધારો કરવામાં આવ્યો છે. લવાદ અને સમાધાન અધિનિયમ, 1996માં વર્ષ 2015માં સુધારો કરવામાં આવ્યો હતો.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

➢ **ઓડિશા સરકાર 'COVID-19 વોરિયર મેમોરિયલ' સ્થાપશે**

ઓડિશાના આરોગ્ય અને પરિવાર, કલ્યાણ વિભાગે તાજેતરમાં જ ભુવનેશ્વરમાં કોવિડ-19 વોરિયર મેમોરિયલ સ્થાપવાની જાહેરાત કરી છે. COVID-19 લડવૈયાઓના બલિદાન અને સેવાઓને બિરદાવવા માટે આ મેમોરિયલ સ્થાપવામાં આવશે.

➢ **વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઉત્તરપ્રદેશમા મહારાજા સુહેલદેવ સ્મારકનો શિલાન્યાસ કર્યો**

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 16 ફેબ્રુઆરી, 2021ના રોજ ઉત્તરપ્રદેશમાં મહારાજા સુહેલદેવ સ્મારકનો શિલાન્યાસ કર્યો હતો. ઉત્તરપ્રદેશના બહરાઈચમાં વડાપ્રધાનશ્રી દ્વારા સ્ટેચ્યુ ઓફ મહારાજા સુહેલદેવનો શિલાન્યાસ પણ કરવામાં આવ્યો હતો. મહારાજા સુહેલદેવએ શ્રાવસ્તીના રાજા હતા. તેઓ વર્ષ 1034માં થયેલી બહરાઈચની લડાઈમાં ગાજી સાલાર મસૂદ (ગાજી મિયાં)ને હરાવવા માટે પ્રસિદ્ધ છે.

## વિશ્વ

➤ **રશિયાએ કાર્ગો શિપને ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનમાં લોન્ચ કર્યું**

રશિયાની સ્પેસ એજન્સી રોસકોસમોસે પ્રોગ્રેસ MS-16 નામનું કાર્ગો શિપ લોન્ચ કર્યું છે. જેને 'પ્રોગ્રેસ 77' તરીકે પણ ઓળખવામાં આવે છે. આ કાર્ગો શિપને રશિયાએ કઝાખસ્તાનના બૈકાનૂર ખાતેથી સોયૂઝ રોકેટની મદદથી લોન્ચ કર્યું છે. ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનના સાત ક્રૂ સભ્યોને કાર્ગો પહોંચાડવા માટે કાર્ગો શિપ લોન્ચ કરવામાં આવી છે.

➤ **યુનાઈટેડ નેશન્સ કેપિટલ ડેવલપમેન્ટ ફંડના એક્ઝિક્યુટીવ સેક્રેટરી તરીકે સુશ્રી પ્રિતી સિંહાની નિમણૂક**

સુશ્રી પ્રિતી સિંહા ભારતીય મૂળના વ્યક્તિ છે. યુનાઈટેડ નેશન્સ કેપિટલ ડેવલપમેન્ટ ફંડ (UNCDF)ની સ્થાપના વર્ષ 1966 કરવામાં આવી. તેનું મુખ્યમથક અમેરિકાના ન્યૂયોર્કમાં આવેલું છે. આ સંસ્થા ઓછા વિકસિત દેશોને માઈક્રો ફાઈનાન્સની સુવિધા પૂરી પાડે છે.



## ICE Questions

➤ તાજેતરમાં ગુજરાતમાં કયા સ્થળે એસોસિએશન ઓફ ડોમેસ્ટિક ટૂર ઓપરેટર્સ ઓફ ઈન્ડિયા (ADTOI)ના સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું ?

– કેવડિયા ખાતે

➤ ગુજરાતના સ્ટેચ્યૂ ઓફ યુનિટી કેવડિયા ખાતે ડોમેસ્ટિક ટૂર ઓપરેટરોના કેટલામાં સંમેલનનું આયોજન તાજેતરમાં કરવામાં આવ્યું હતું ? – 10મા સંમેલન

➤ સ્વચ્છ સરકારી કચેરી તરીકેનો પ્રથમ રેન્ક ગુજરાતની કઈ કચેરીને તાજેતરમાં આપવામાં આવ્યો છે ? – અમદાવાદની લાંચ રૂશ્વત વિરોધી દળ (ACB)

➤ તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા ફેમિલી પેન્શનની મહત્તમ મર્યાદા રૂ. 45,000થી વધારીને કેટલી કરવામાં આવી છે ? – રૂ. 1.25 લાખ

➤ કોર્પોરેટ એકસલન્સ માટે ઈકોનોમિક ટાઈમ્સ એવોર્ડ અંતર્ગત ‘લાઈફટાઈમ અચિવમેન્ટ એવોર્ડ’ તાજેતરમાં કોને એનાયત કરવામાં આવ્યો છે ? – શ્રી આદિત્ય પુરીને

➤ કોર્પોરેટ એકસલન્સ માટે ઈકોનોમિક ટાઈમ્સ એવોર્ડ અંતર્ગત ‘બિઝનેસ રિફોર્મર ઓફ ધ યર એવોર્ડ’ તાજેતરમાં કોને એનાયત કરવામાં આવ્યો છે ? – શ્રી શકિતકાંત દાસને

➤ કોર્પોરેટ એકસલન્સ માટે ઈકોનોમિક ટાઈમ્સ એવોર્ડ અંતર્ગત ‘એન્ટરપ્રિન્યોર ઓફ ધ યર એવોર્ડ’ તાજેતરમાં કોને એનાયત કરવામાં આવ્યો છે ? – શ્રી આદર પૂનાવાલ

➤ ‘આકાશવાણી સંગીત સમારોહ’ હવેથી કયા નામે ઓળખવામાં આવશે ?

– પંડિત ભીમસેન જોશી આકાશવાણી સંગીત સંમેલન

➤ તાજેતરમાં કયા રાજ્યએ ભિક્ષુક મુકત બનવા અને ભિક્ષુક પુનર્વસન માટે એક અભિયાન શરૂ કર્યું છે ? – રાજસ્થાન

➤ ઓડિશામાં ભારતના સૌથી મોટા હોકી સ્ટેડિયમનું ભૂમિપૂજન તાજેતરમાં કોના દ્વારા

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

ICE Questions

કરવામાં આવ્યું હતું ? – ઓડિશાના મુખ્યપ્રધાનશ્રી નવિન પટનાયક દ્વારા

➢ ભારતનું સૌથી મોટું હોકી સ્ટેડિયમ ઓડિશાના કયા શહેરમાં નિર્માણ પામી રહયું છે ?

– રૂરકેલામાં

➢ ભારતના સૌથી મોટા હોકી સ્ટેડિયમનું નામ કોના પર રાખવામાં આવ્યું છે ?

– શ્રી બિરસા મુંડા

➢ નેશનલ ઈ–ગવર્નન્સ પ્લાન ઈન એગ્રીકલ્ચર (NeGPA) યોજનાને કઈ તારીખ સુધી વિસ્તૃત કરવામાં આવી છે ? – 31 માર્ચ, 2021

➢ તાજેતરમાં લોકસભામાં લવાદ અને સમાધાન (સુધારા) બિલ, 2021 પસાર કરવામાં આવ્યું, કયા અધિનિયમમાં સુધારો કરીને આ બિલ પસાર કરવામાં આવ્યું છે ?

– લવાદ અને સમાધાન અધિનિયમ, 1996માં

➢ કયા રાજ્યમાં 'COVID-19 વોરિયર મેમોરિયલ'ની સ્થાપના કરવામાં આવશે ?

– ઓડિશા

➢ 'COVID-19 વોરિયર મેમોરિયલ'ની સ્થાપના ઓડિશાના કયા શહેરમાં કરવામાં આવશે ? – ભુવનેશ્વર

➢ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કયા શહેરમાં મહારાજા સુહેલદેવ સ્મારકનો શિલાન્યાસ તાજેતરમાં કર્યો છે ? – બહરાઈચ (ઉત્તરપ્રદેશ)

➢ તાજેતરમાં કયા દેશ દ્વારા કાર્ગો શિપને ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનમાં લોન્ચ કરવામાં આવ્યું છે ? – રશિયા

➢ યુનાઈટેડ નેશન્સ કેપિટલ ડેવલપમેન્ટ ફંડના એક્ઝિક્યુટીવ સેક્રેટરી તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરી છે ? – સુશ્રી પ્રિતી સિંહા

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. રશિયા કયા રોકેટની મદદથી માર્ચ 2021માં 40 સેટેલાઈટ લોન્ચ કરશે ?

– સોયુઝ-2 કેરિયર રોકેટ

(રશિયા માર્ચ, 2021માં સોયુઝ-2 કેરિયર રોકેટની મદદથી વિવિધ 18 દેશોના સેટેલાઈટ લોન્ચ કરશે. સોયુઝ-2 એ રશિયન સોયુઝ રોકેટનું અદ્યતન સંસ્કરણ છે.)

2. કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રાલયે તાજેતરમાં સંસદમાં રજૂ કરેલા આંકડાઓ મુજબ આંગણવાડી કાર્યક્રમ અંતર્ગત લાભાર્થીઓની સંખ્યામાં છેલ્લા 7 વર્ષમાં કેટલો ઘટાડો નોંધાયો છે ?

– આશરે 2 કરોડ

(આંગણવાડીએ ભારતમાં એક પ્રકારનું ગ્રામીણ બાળ સંભાળ કેન્દ્ર છે. આ કેન્દ્રો કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ 1975માં શરૂ કરવામાં આવ્યા હતા. આ કેન્દ્રો ઈન્ટિગ્રેટેડ ચાઈલ્ડ ડેવલપમેન્ટ સર્વિસિઝ (ICDS) પ્રોગ્રામ અંતર્ગત બાળકોના કુપોષણ સામે લડવા માટે શરૂ કરવામાં આવ્યા હતા. ઈન્ટિગ્રેટેડ ચાઈલ્ડ ડેવલપમેન્ટ સર્વિસિઝ (ICDS) પ્રોગ્રામ વર્ષ 1975માં શરૂ કરવામાં આવ્યો હતો. જો કે વર્ષ 1978માં મોરારજી દેસાઈ સરકારે આ કાર્યક્રમ બંધ કરી દીધો હતો, પરંતુ દસમી પંચવર્ષીય યોજના અંતર્ગત તે ફરીથી શરૂ કરવામાં આવ્યો હતો.)

3. કેન્દ્રીય બજેટ 2021-22માં 'સબમિશન ઓન એગ્રીકલ્ચરલ મિકેનાઈઝેશન સ્કિમ' (SMAM)ને કેટલા રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે ? – રૂ. 1,050 કરોડ

(SMAM યોજના વર્ષ 2014-15માં શરૂ કરવામાં આવી હતી. આ યોજના અંતર્ગત કેન્દ્ર સરકાર નાના અને સીમાંત ખેડૂતો માટે વિવિધ સબસિડીવાળા કૃષિ ઉપકરણો અને મશીનોનું વિતરણ કરે છે. આ યોજના ખેડૂતોની કાર્યક્ષમતા વધારી પાકની ઉત્પાદકતામાં વધારો કરવાના ઉદ્દેશથી શરૂ કરવામાં આવી છે.)

4. આસામના પ્રથમ હેલિપોર્ટનું ઉદ્દઘાટન કયા જિલ્લામાં કરવામાં આવ્યું હતું ?

– માઝુલી જિલ્લામાં

(આસામના પ્રથમ હેલિપોર્ટનુ ઉદ્દઘાટન તાજેતરમાં આસામના મુખ્યમંત્રી શ્રી સર્વાનંદ સોનોવાલ દ્વારા માઝુલી જિલ્લામાં કરવામાં આવ્યું હતું. માઝુલીએ વિશ્વનો સૌથી મોટો નદીદ્વિપ છે. જે બ્રહ્મપુત્રા નદીમાં સ્થિત છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

5. ભારતીય નૌકાદળે દરિયાકાંઠાની સુરક્ષા માટે તાજેતરમાં ત્રણ MKIII એડવાન્સ લાઈટ હેલિકોપ્ટર કઈ કંપની પાસેથી મેળવ્યા ? – હિંદુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (HAL)

6. ત્રીજા બાંગ્લાદેશ ફિલ્મ મહોત્સવનું આયોજન કયા કરવામાં આવ્યું હતું ? – કોલકાતા

7. ‘અસોમ માલા’ સડક પરિયોજનાની શરૂઆત વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કયા રાજ્યમાં કરી હતી ? – આસામમાં

8. ‘માંડૂ મહોત્સવ’નું આયોજન તાજેતરમાં કયા રાજ્યમાં કરવામાં આવ્યું હતું ? – મધ્યપ્રદેશ
(મધ્યપ્રદેશ રાજ્યના ઐતિહાસિક શહેર માંડૂમાં 13 અને 14 ફેબ્રુઆરી, 2021ના રોજ માંડૂ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્ષે માંડૂ મહોત્સવના બીજા સંસ્કરણનું આયોજન કરવામાં આવ્યું હતું. મધ્યપ્રદેશના માંડૂ જિલ્લાને ‘ધ સિટી ઓફ જોય’ અથવા ‘શાદિયાબાદ’ તરીકે પણ ઓળખવામાં આવે છે. માંડૂ શહેર મુખ્યરૂપથી સુલતાન બાજ બહાદુર અને રાણી રૂપમતીની કથા સાથે સંકળાયેલ છે.)

9. રોટરી કલબ દ્વારા તાજેતરમાં સિટીજન ઓફ મુંબઈ તરીકે કોને સન્માનિત કરવામાં આવ્યા ? – BMCના કમિશનર શ્રી ઈકબાલ સિંહ

10. તાજેતરમાં ગ્લોબલ હિમાલયન એક્સપેડિશન અંતર્ગત કયા તિબ્બતી ગામનું વીજળીકરણ કરવામાં આવ્યું છે ? – ડુંગતી

11. કેન્દ્રીય માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલયે કયારથી તમામ વાહનો માટે ઈલેકટ્રોનિક ટોલ સિસ્ટમ ફાસ્ટેગ ફરજિયાત કરી છે ? – 15 ફેબ્રુઆરી, 2021
(કેન્દ્રીય મંત્રાલયે 15 ફેબ્રુઆરી, 2021થી નેશનલ હાઈવે પર આવેલા તમામ ટોલ પ્લાઝા પર ઓટોમેટિક ટોલ પ્લાઝા પેમેન્ટ સિસ્ટમ ફાસ્ટેગ ફરજિયાત કરી છે.)

12. પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ યોજના અંતર્ગત રોજગારી આપવામાં પ્રથમ નંબરે કયું રાજ્ય રહયું છે ? – ગુજરાત

13. તાજેતરમાં સુપ્રીમ કોર્ટે કઈ શિપના તોડવા પર સ્ટે મૂકયો હતો ? – INS વિરાટ

14. ઈસરોએ તાજેતરમાં કયા સેટેલાઈટની મદદથી ઉત્તરાખંડ ગ્લેશિયરની ઘટનાની તસવીરો જાહેર કરી હતી ? – કાર્ટોસેટ-3
(કાર્ટોસેટ-3એ અદ્યતન પૃથ્વી નીરિક્ષણ ઉપગ્રહ છે. ભારતીય અવકાશ સંશોધન સંગઠન

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

(ISRO) દ્વારા આ સેટેલાઈટનું નિર્માણ અને વિકાસ કરવામાં આવ્યો છે. તે વિશ્વમાં સૌથી વધુ રિઝોલ્યુશન ધરાવતો ઈમેજિંગ ઉપગ્રહ છે. આ સેટેલાઈટનો ઉપયોગ હવામાનના નકશા તૈયાર કરવા, કાર્ટોગ્રાફી અથવા સંરક્ષણ માટેના હેતુઓ માટે થાય છે.)

15. તાજેતરમાં કયા અહેવાલમાં પેરિસ સમજૂતી અપનાવવા પર સ્વાસ્થ્યને થતા ફાયદાઓ પર પ્રકાશ પાડવામાં આવ્યો છે ? – લાન્સેટ કાઉન્ટડાઉન ઓન હેલ્થ એન્ડ ક્લાઈમેટ ચેન્જ

16. ભારત અને અફઘાનિસ્તાને કઈ નદી ઉપર શહતૂત ડેમનું નિર્માણ કરવા માટે હસ્તાક્ષર કર્યા છે ?

– કાબુલ નદી

(કાબુલ નદી ઉપર શહતૂત ડેમના નિર્માણ થકી અફઘાનિસ્તાનના કાબુલ શહેરને પાણી પહોંચાડવામાં આવશે.)

17. તાજેતરમાં કઈ સંસ્થાએ નાના ખેતરો માટે સૌર–સંચાલિત જંતુનાશક સ્પ્રેઅર વિકસાવ્યા છે ?

– IIT ખડગપુર

18. ઈન્ટરનેશનલ એનર્જી એજન્સી (IEA)ના તાજેતરના રિપોર્ટ અનુસાર ભારત કયા વર્ષ સુધીમાં વિશ્વમાં ઊર્જાનો ત્રીજો સૌથી મોટો ઉપભોગતા દેશ બનશે ?

– વર્ષ 2030

19. 'સલામત ઈન્ટરનેટ દિવસ'ની ઉજવણી તાજેતરમાં ક્યારે કરવામાં આવી હતી ?

– 9 ફેબ્રુઆરી

(સલામત ઈન્ટરનેટ દિવસની ઉજવણી દર વર્ષે ફેબ્રુઆરી મહિનાના બીજા અઠવાડિયાના બીજા દિવસે કરવામાં આવે છે.)

20. ભારતનું પ્રથમ CNG ટ્રેક્ટર તાજેતરમાં કોના દ્વારા લોન્ચ કરવામાં આવ્યું છે ?

– કેન્દ્રીય માર્ગ પરિવહન અને હાઈવે પ્રધાન નીતિન ગડકરી દ્વારા

(ડીઝલ ટ્રેક્ટરનું CNG ટ્રેક્ટરમાં રૂપાંતરણ રોવમેટ ટેક્નો સોલ્યૂશન્સ અને ટોમાસેટ્ટો અચિલ ઈન્ડિયા દ્વારા સંયુક્ત રીતે હાથ ધરવામાં આવ્યું હતું.)

21. હાઉજેટના બ્રાંડ એમ્બેસેડર તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ?

–શ્રી યુવરાજ સિંહ

22. કયા વર્ષ સુધી બાયજૂ (BYJU'S) ICC (ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ)નો વૈશ્વિક ભાગીદાર બન્યો રહેશે ? – વર્ષ 2023

INSTITUTE FOR COMPETITIVE EXAMS

23. તિયાનવેન-1એ કયા દેશનું મંગળમિશન છે જેણે તાજેતરમાં મંગળગ્રહની પ્રથમ તસ્વીરો મોકલી હતી ? – ચીન
24. વર્ષ 2021 માટેનો એલન બોર્ડર પુરસ્કાર કોને આપવામાં આવ્યો છે ? – શ્રી સ્ટીવ સ્મિથ
25. વર્ષ 2021 માટેનો બેલિન્ડા કલાર્ક પુરસ્કાર કોને આપવામાં આવ્યો છે ? – સુશ્રી બેથ મૂની
(એલન બોર્ડર પુરસ્કારએ ઓસ્ટ્રેલિયન પુરૂષ ક્રિકેટનો પ્રતિષ્ઠિત પુરસ્કાર છે. તેમજ બેલિન્ડા કલાર્ક પુરસ્કાર ઓસ્ટ્રેલિયાના સર્વશ્રેષ્ઠ મહિલા ક્રિકેટરને આપવામાં આવે છે.)
26. ગોલ્ડન સ્પેરો ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ 2021નું આયોજન તાજેતરમાં કયા કરવામાં આવ્યું હતું ? – તમિલનાડુ
27. એરપોર્ટ કાઉન્સિલ ઈન્ટરનેશનલનો 'વોઈસ ઓફ કસ્ટમર' પુરસ્કાર કયા આંતરરાષ્ટ્રીય એરપોર્ટને આપવામાં આવ્યો છે ? – રાજીવ ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ
28. 'NPCI PayAUth Challenge'ની શરૂઆત કોના દ્વારા કરવામાં આવી ?
– નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (NPCI)
('NPCI PayAuth Challanege' એ એક વૈશ્વિક સ્તરનું હેકાથોન છે. તેનું આયોજન યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ ટ્રાન્જેક્શન ઓથેન્ટિકેશનના વધુ વિકલ્પો પ્રદાન કરવાનો છે. નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (NPCI)ની સ્થાપના વર્ષ 2008માં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન દ્વારા કરવામાં આવી હતી. તે ભારતમાં રિટેલ પેમેન્ટ અને સેટલમેન્ટ સિસ્ટમનું સંચાલન કરે છે.)
29. ગૂગલે ભારતના કયા અભિનેતાને વિશ્વના શ્રેષ્ઠ માર્શલ આર્ટિસ્ટની યાદીમાં સ્થાન આપ્યું છે ?
– શ્રી વિદ્યુત જામવાલ
(શ્રી વિદ્યુત જામવાલ આ સન્માન મેળવનાર પ્રથમ ભારતીય છે.)
30. IPL મીની ઓકશનમાં IPL ઈતિહાસનો સૌથી મોંઘો ખેલાડી તાજેતરમાં કોણ બન્યો છે ?
– દક્ષિણ આફ્રિકાનો ક્રિસ મોરિસ
(દક્ષિણ આફ્રિકાના ક્રિસ મોરિસને રાજસ્થાનની ટીમે 16.25 કરોડની કિંમતે પોતાની ટીમમાં સામેલ કર્યો છે.)
31. કયા રાજ્યમાં ચંબલના ડાકુઓ ઉપર પોલીસ મ્યુઝિયમ બનાવવામાં આવશે ? – મધ્ય પ્રદેશ
(મધ્યપ્રદેશ રાજ્યએ ભીંડ પોલીસ મુખ્યાલય ખાતે ચંબલના ડાકુઓ પર પોલીસ મ્યુઝિયમ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

બનાવવાની શરૂઆત કરી છે. આ ડાકુઓની વાર્તાઓ પ્રદર્શિત કરવા માટે એક અનોખું સંગ્રહાલય છે. આ સંગ્રહાલયમાં ફૂલન દેવી અને નિર્ણય ગુર્જર નામના ડાકુઓ દ્વારા ઉપયોગમાં લેવાયેલ અનન્ય વસ્તુઓનો સમાવેશ કરવામાં આવશે. આ સંગ્રહાલય ચંબલમાં ડાકુઓની ગતિવિધિઓને રોકવા માટે પોલીસ દ્વારા આપવામાં આવેલા બલિદાનને પ્રકાશિત કરે છે.

**32.** મધ્યપ્રદેશમાં તાજેતરમાં 'જલાભિષેકમ' નામના જળસંચય અભિયાનનો પ્રારંભ કોના દ્વારા કરવામાં આવ્યો હતો ? – કેન્દ્રીય સંરક્ષણ મંત્રીશ્રી રાજનાથસિંહ દ્વારા નવી દિલ્હી ખાતેથી

**33.** માલદીવના 'ગ્રેટર માલે કનેક્ટિવિટી પ્રોજેક્ટ' (GMCP)ને રિઝર્વ બેંક અંતર્ગતની કઈ બેંક 400 મિલિયન ડોલરની નાણાકીય સહાય પૂરી પાડશે. ?

–એક્સપોર્ટ–ઈમ્પોર્ટ બેંક ઓફ ઈન્ડિયા (Exim બેંક)

**34.** મેન્ડારિન બતક તાજેતરમાં ભારતના કયા રાજ્યમાં જોવા મળ્યું હતું ? – આસામ

(મેન્ડારિન બતક મુખ્યત્વે પૂર્વ ચાઈના અને દક્ષિણ જાપાનમાં વસવાટ કરે છે. છેલ્લે મેન્ડારિન બતક વર્ષ 1902મા આસામમાં જોવા મળ્યું હતું.)

**35.** 'યુનાની દિવસ'ની ઉજવણી દર વર્ષે ક્યારે કરવામાં આવે છે ? – 11 ફેબ્રુઆરી

(યુનાની દિવસની ઉજવણી શ્રી હકિમ અજમલ ખાનની જન્મજયંતિ પ્રસંગે કરવામાં આવે છે. વર્ષ 2021માં યુનાની દિવસની ઉજવણી 'યુનાની મેડિસિન : અપોર્ચ્યુનિટી એન્ડ ચેલેન્જીસ ઈન ટાઈમ ઓફ કોવિડ-19'ની થીમ અંતર્ગત કરવામાં આવી છે.)

**36.** આર્મી ચીફ મનોજ મુકુંદ નરવણેએ તાજેતરમાં ગુજરાતના કયા સ્થળની મુલાકાત લીધી હતી ?

– કેવડિયા કોલોની

**37.** તાજેતરમાં પ્રખ્યાત ક્રિકેટર શ્રી ફાફ ડુ પ્લેસિસે ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી છે, તેઓ કયા દેશવતી ક્રિકેટમાં પ્રતિનિધિત્વ કરે છે ? – દક્ષિણ આફ્રિકા

**38.** અદાણી પોર્ટ એન્ડ સ્પેશ્યલ ઈકોનોમિક ઝોન લિમિટેડે તાજેતરમાં મહારાષ્ટ્રનું કયું પોર્ટ હસ્તગત કર્યું છે ? – દીઘી પોર્ટ લિમિટેડ (DPL)

**39.** આઝાદ ભારતમાં પ્રથમવાર કોઈ મહિલાને ફાંસી આપવામાં આવશે. શબનમ નામની મહિલાને કઈ જેલમાં ફાંસી આપવામાં આવશે ? – મથુરાની જેલ

**40.** તાજેતરમાં અર્બન લોકલ બોડીસ રિફોર્મ્સ પૂર્ણ કરનાર ભારતનું છઠ્ઠું રાજ્ય કયું બન્યું છે ?

– ગોવા

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

(અર્બન લોકલ બોડી રિફોર્મ્સ કેન્દ્રીય ખર્ચ વિભાગ (Department of Expenditure) દ્વારા સ્થાપવામાં આવેલ છે. ગોવા સિવાય આંધ્રપ્રદેશ, મધ્યપ્રદેશ, રાજસ્થાન, મણિપુર અને તેલંગાણા જેવા રાજ્યોમાં અર્બન લોકલ બોડી રિફોર્મ્સ પૂર્ણ થઈ ચૂકયા છે.)

41. 'ડિજિલોકર પહેલ' કયા મંત્રાલય અંતર્ગત કાર્યરત છે ?

– મિનિસ્ટ્રી ઓફ ઈલેક્ટ્રોનિક્સ & ઈન્ફોર્મેશન ટેકનોલોજી (MeiTY)

42. ભારતે તાજેતરમાં કયા દેશ સાથે કુશળ કામદારોની તાલીમ અંગેના MoU પર હસ્તાક્ષર કર્યા છે ?

– જાપાન

43. તાજેતરમાં ઈટાલીના નવા વડાપ્રધાન તરીકે કોણે શપથ લીધા ? – શ્રી મારિયો ડ્રેગીએ

44. તાજેતરમાં કયા દેશે BBC વર્લ્ડ ન્યૂઝના પ્રસારણ પર પ્રતિબંધ મૂકયો છે ? – ચીન

45. કોમર્શિયલ જયૂટ સિડ ડિસ્ટ્રીબ્યૂશન સ્કિમ તાજેતરમાં કોના દ્વારા લોન્ચ કરવામાં આવી ?

– કેન્દ્રીય કાપડ મંત્રી સુશ્રી સ્મૃતિ ઈરાની

46. ભારતે તાજેતરમાં કયા દેશને 2000 મેટ્રિક ટન ચોખા ભેટ કર્યા ? – સીરિયા

47. 'રાષ્ટ્રીય સંસ્કૃતિ મહોત્સવ'ની 11મી આવૃત્તિનું ઉદ્દઘાટન તાજેતરમાં કયા કરવામાં આવ્યું હતું ?

– પશ્ચિમ બંગાળના કૂચ બિહાર

('રાષ્ટ્રીય સંસ્કૃતિ મહોત્સવ'એ મિનિસ્ટ્રી ઓફ કલ્ચર એન્ડ ટૂરિઝમનો ફલેગશિપ ફેસ્ટિવલ છે. તેનું આયોજન વર્ષ 2015થી કરવામાં આવે છે.)

48. આબોહવા પરિવર્તનના સંદર્ભમાં યુરોપિયન યુનિયનના ભંડોળનો સંપૂર્ણ ઉપયોગ કરવાના ઉદ્દેશથી કયા દેશે 'Green Super Ministry' ની રચના કરી છે ? – ઈટાલી

49. ટાટા ઈલેક્ટ્રોનિક્સે તાજેતરમાં મોબાઈલ કમ્પોનન્ટ યુનિટ સ્થાપવા માટે કયા રાજ્ય સાથે MoU પર હસ્તાક્ષર કર્યા છે ? – તમિલનાડુ

50. અમદાવાદની કેડિલા ફાર્માસ્યૂટિકલના પ્રેસિડેન્ટ તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ? – સુશ્રી ગીતા જોહરી

(સુશ્રી ગીતા જોહરીએ ગુજરાતમાં સૌપ્રથમ મહિલા DGP રહી ચૂકયા છે.)

51. તાજેતરમાં 'ઈ–છાવણી પોર્ટલ'નો પ્રારંભ કોના દ્વારા કરાવવામાં આવ્યો હતો ?

– શ્રી રાજનાથ સિંહ દ્વારા

(20 લાખથી વધુ નાગરિકોને ઓનલાઈન મ્યુનિસિપાલ સેવાઓ પ્રદાન કરવાના હેતુથી ઈ–છાવણી પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR WHATSAPP GROUP**
joinicerajkot.com

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

**Facebook**
*like* | *comment* | *share*
ICE RAJKOT

twitter
ICE RAJKOT